Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:101 Dt.08-02-2022 (Tuesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# અમદાવાદને હચમચાવનાર સીરીયલ બોમ્બ ધડાકા કેસમાં ૪૯ આરોપી દોષીત

## કુલ ૭૭ આરોપીમાંથી ૨૮ને નિર્દોષ જાહેર કરાયા; ચુકાદો સંભળાવનાર ખાસ કોર્ટના જજ એ.આર.પટેલ આવતીકાલે દોષીતોને સજા સંભળાવશે





### પુરાવાના અભાવે ૨૮ આરોપી નિર્દોષ જાહેર, ૫૬ નાગરિકોના ભોગ લેનાર ધડાકાના કેસનો ૧૪ વર્ષ બાદ ચુકાદો; ૫૬નાં મોત અને ૨૦૦ ઘાયલ થયા હતા

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૮

ગત ૨૬ જૂલાઇ ૨૦૦૮નાં એક કમભાગી દિવસે અમદાવાદ શહેરને હચમચાવી નાખનાર શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના કેસમાં ૧૩ વર્ષ અને ૧૯૫ દિવસના લાંબા ગાળા બાદ આજે સ્પેશીયલ કોર્ટ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. ખાસ અદાલતે ધડાકામાં સંડોવાયેલા કુલ ૭૭ આરોપીઓ પૈકી ૪૯ આરોપીઓને દોષીત જાહેર કર્યા છે જયારે ૨૮ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો આદેશ આપ્યો છે. આ રીતે આજે ખાસ જજ એ.આર.પટેલે ચુકાદો જાહેર કર્યો હતો. આવતીકાલે બુધવારે જજ એ.આર.પાટેલ દોષીતોને સજા સંભળાવશે.

લગભગ ૨૮ જેટલા આરોપી દેશના ૭ રાજયોની જેલમાં છે. તમામ દોષીતોને આવતીકાલે સવારે ૧૦:૩૦ વાગ્યે ખાસ કોર્ટમાં ઉપસ્થિત કરવામાં આવશે. અમદાવાદ સાબરમતી જેલમાં ૪૯ આરોપીઓ છે, જયારે ભોપાલની જેલમાં ૧૦, મુંબઇની તલોજા જેલમાં ૪, બેંગ્લોરની જેલમાં ૫, કેરળની જેલમાં ૬, જયપુરની જેલમાં ૨ અને દિલ્હીની જેલમાં ૧ આરોપી છે. ૪૯ આરોપી ધડાકા કેસમાં દોષીત જાહેર થયા છે. આજે કોર્ટમાં સજ્જડ પોલીસ બંદોબસ્ત વચ્ચે જજ પટેલે ચુકાદો વાંચવાનું શરૂ કર્યુ હતું. ૧૪ વર્ષના લાંબા ગાળા બાદ મૃતકોને ન્યાય મળ્યો છે.

અમદાવાદમાં અને ગુજરાતમાં ગોધરાકાંડ પછી થયેલા કોમી રમખાણનો બદલો લેવાના ઇરાદે ૨૦૦૮માં આખા અમદાવાદને ધડાકાથી હચમચાવી દેવામાં આવ્યું હતું. એ દિવસે મહાનગરના ૨૦ સ્થળે ૨૧ જેટલા પ્રચંડ બોમ્બ ધડાકા કરવામાં આવ્યા હતા. જેમાં ૫૬ નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યો હતો અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ધડાકો કરવા માટે પધ્ધતીસર ષડયંત્ર રચવામાં આવ્યું હતું. કેરળથી કાર મારફત અને અન્ય જગ્યાએથી વિસ્ફોટ પદાર્થ લાવવામાં આવ્યા તેમાંથી ટાઇમર બોમ્બ બનાવીને અલગ-અલગ સ્થળે રાખવામાં આવ્યા હતા.

આવતીકાલે ૧૦.૩૦ કલાકે દોષિતોના કોવિડ ટેસ્ટ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ધો.૯ થી ૧૨માં પ્રિલિમ-દ્વિતીય પરીક્ષાનો તા.૧૦મીથી આરંભ

## શાળા કક્ષાએ ઓફલાઇન પદ્ધતિએ લેવાનારી પરીક્ષા કોરોનાનાં કારણે નહીં આપી શકનાર વિદ્યાર્થીઓ માટે અલાયદી વ્યવસ્થા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

કોરોના સંક્રમણ હળવું થતાં ધો.૧ થી ૯ ની શાળાઓ ફરી ધમધમતી થઇ છે, એ સાથે જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધો.૯થી ધો.૧૨ની પ્રિલિમ કે દ્વિતીય પરીક્ષા તા.૧૦ ફેબ્રુઆરીથી તા.૧૮ ફેબ્રુઆરી દરમિયાન શાળા કક્ષાએ ઓફલાઇન પદ્ધતિએ લેવાનું જાહેર કરાયું છે.

શાળા કક્ષાએ ઓફલાઇન પદ્ધતિએ લેવાનારી ધો.૯થી ધો.૧૨ની પ્રિલિમ કે દ્વિતીય પરીક્ષા તા.૧૦ ફેબ્રુઆરીથી તા.૧૮ ફેબ્રુઆરી દરમિયાન જો કોઇ વિદ્યાર્થી કોરોનાને લીધે બિમાર હોય કે તેના કુટુંબમાં કોઇ વ્યક્તિ બિમાર હોય અથવા તો તે વિદ્યાર્થી કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી આવતો હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએ અલગથી તારીખ નક્કી કરીને શાળા કક્ષાએથી અલગ પ્રશ્નપત્રો તૈયાર કરીને પછીથી પરીક્ષા લેવાની સુચના આપવામાં આવી છે.

આ ઉપરાંત ધો.૯થી ધો.૧૨ની લેવાનારી પરીક્ષામાં વિદ્યાર્થીઓને સોશિયલ ડિસ્ટન્સ જળાવાય તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ પરીક્ષા દરમિયાન કોરોનાની સરકારની



ગાઇડલાઇનનું ચૂસ્તપણે પાલન તમામ શાળાઓએ કરવાનું રહેશે તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામક બી.એન. રાજગોરે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જણાવ્યું છે.

# ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭,૫૯૭ દર્દીઓ અને ૧૧૮૮ દર્દીનાં મોત



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૮

૨૪ કલાકમાં દેશમાં ૭૦ હજારથી ઓછા નવા કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો હવે વધીને ૪ કરોડ ૨૩ લાખ ૩૯ હજાર ૬૧૧ પર પહોંચી ગયો છે. એક દિવસમાં કોરોનાથી ૧૧૮૮ લોકોના મોત થયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭,૫૯૭ દર્દીઓ નોંધાયા છે. જે ગઈકાલ કરતા ઓછા છે. ગઈકાલે ૮૩,૮૭૬ નવા દર્દીઓ નોંધાયા હતા. એક દિવસમાં ૧,૮૦,૪૫૬ દર્દીઓ કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. રિકવર થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે જે સારા સંકેત છે. જયારે એક્ટિવ કેસ ઘટી રહ્યા છે. હાલ દેશમાં ૯,૯૪,૮૯૧ દર્દીઓ સારવાર હેઠળ છે.

# વધુ એક આર્થિક પેકેજ માટે મોદી સરકાર તૈયારીમાં

### બજેટથી નિરાશ આમ આદમીને ખુશ કરવા પ્રયાસ થશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા. ૮

બે ટોચના સરકારી અધિકારીઓએ આ માહિતી આપી હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે નવા રાહત પેકેજમાં એ કલ્યાણકારી અને સામાજિક સુરક્ષાવાળી યોજનાઓને આગળ વધારશે જે આવતા મહિનાઓમાં સમાપ્ત થવાની છે.

સુત્રોએ જણાવ્યું હતું કે, જો કોરોનાની વર્તમાન લહેર ખતરનાક બને અને અર્થતંત્રની સાથે આજીવિકા ઉપર પણ અસર પડતો વધુ મજબૂત પ્રોત્સાહન પેકેજ પર વિચાર થઇ શકે છે. આ પ્રોત્સાહન પેકેજ એવા સમયમાં વિચાર થાય છે કે જ્યારે હાલમાં જ બજેટ રજુ થયું છે. એક અધિકારીએ કહ્યું હતું કે બજેટ એક વાર્ષિક અભ્યાસ હોય છે. આનો અર્થ એ નથી કે સમર્થન આપતા વધારાના પગલા નહિ લેવાય. સરકાર સમગ્ર વર્ષ મજબુત વિકાસ માટે હરસંભવ પ્રયાસ કરશે. અધિકારીઓનું કહેવું છે કે, ૨૦૨૨નું બજેટ તૈયાર કરતી વખતે એ ધારણા હતી કે બીજી લહેર નહિ આવે પણ એ ધારણા ખોટી સાબિત થઇ અને જુનમાં પેકેજ જાહેર કરવું પડયું.

મનરેગા, આત્મનિર્ભર ભારત રોજગાર યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અને કીફાયતી ઘરો પર મદદ જેવી યોજનાઓ હતી. એક અન્ય અધિકારીના કહેવા મુજબ આમાંથી કેટલીક યોજનાનો ગાળો લંબાવાશે. સાથે જ મનરેગાને મળતા ફંડને વધારાશે.

નાણા મંત્રાલયના જણાવ્યા મુજબ કોરોનાકાળમાં જે ૫ કિલો ઘઉં, ચોખા અને એક કિલો દાળની પ્રતિ માસે ફ્રીમાં આપવાની જાહેરાત કરી હતી તેની મુદત માર્ચ ૨૦૨૨માં પુરી થાય છે તો મધ્યમ વર્ગના લોકોને ઘર ખરીદવા ક્રેડીટ લીંક સબસીડી યોજના જે માર્ચ-જૂનના પુરી થાય છે તેને પણ વધારી શકાય તેમ છે.

૨૬ માર્ચ ૨૦૨૦ના રોજ ૧.૭ લાખ કરોડની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના જાહેર થઇ હતી. ૨૭ માર્ચ ૨૦૨૦ના રોજ રિઝર્વ બેંકે રેપો રેટમાં ૭૫ પોઇન્ટનો ઘટાડો કર્યો હતો. ૩ મહિનાનું મોરેટોરિયમ પણ અપાયું હતું. ૧૬ - ૧૭ મેના રોજ ૨૦ લાખ કરોડનું



પેકેજ જાહેર થયું હતું. ૨૮ જુન ૨૦૨૧ના રોજ બીજા રાહત પેકેજ હેઠળ ૬.૩ લાખ કરોડનું પેકેજ જાહેર થયું હતું.

# મારા વિરૂધ્ધ તપાસ ચાલે છે, કોઈ સ્ટેટમેન્ટ નહીં આપુંઃ પોલીસ કમિશનર અગ્રવાલ

### અમે ત્રણ વર્ષમાં ઘણું સારૂ કામ કર્યું છેઃ મનોજ અગ્રવાલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૦૮

રાજકોટ અને ગુજરાતમાં છેલ્લા ૪ દિવસથી બહુગાજેલા ધારાસભ્ય ગોવિંદ પટેલના લેટરબોંબ કાંડ બાદ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ આજે પોલીસ કમિશનર કચેરી ખાતે હાજર થયા હતા અને પત્રકાર પરિષદ યોજી મીડિયાને જણાવ્યું હતું કે,મારા વિરૂદ્ધ તપાસ ચાલે છે એટલે કોઈ સ્ટેટમેન્ટ નહીં આપું. આ અંગે ઉચ્ચ અધિકારીને બ્રિફ કર્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા દિવસોમાં વિવિધ રજૂઆત કરવામાં આવી છે. જેમાં એક મારા વિરુદ્ધ આક્ષેપ છે. તેની તપાસ ચાલી રહી છે. મારે કાંઈ બોલવું નથી. કોરોના જેવા ખરાબ સમયમાં મેં રાજકોટ માટે




ઘણું કામ કર્યું છે. મારી કામગીરીની ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે અને જે કાંઈ પગલાં લેશે એ માન્ય રહેશે. હાલ રાજકોટ પોલીસે શહેરમાં થતી ગુનાખોરીને નિયંત્રણમાં રાખી છે. જેમ મેં પહેલા કહ્યું તેમ મારા કેસ અંગે હું મીડિયા સામે કોઈ સ્ટેટ્સ નહિ આપું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે પણ રજૂઆત છે તેમાં તપાસ ચાલી રહી છે. જે મારા વિરૂદ્ધ તપાસ છે તેમાં હું સ્પષ્ટ કરૂ છું કે અમે ત્રણ વર્ષમાં ઘણું સારું કામ કર્યું છે. તેમ છતાં કોઈપણ આક્ષેપ હશે તેની ટૂંકા સમયમાં તપાસ કરવામાં આવશે. મારા અધિકારી જે જુસ્સા સાથે કામ કરે છે તે કરતા રહેશે.

### હાઈકોર્ટમાં ચાર અલગ અલગ મુદ્દા ચાલતા હોવાથી સોમવારથી હું ત્યાં ગાંધીનગર હતોઃ પોલીસ કમીશનર

અરજીઓની સંખ્યા ૨૦૧૭-૧૮ માં ૧૪૦૦૦ પછી ૧૨ હજાર અને હાલ ૧૦ હજાર અરજી આવી છે. હાઇકોર્ટમાં ચાર અલગ અલગ મુદ્દા ચાલતા હોવાથી સોમવારથી હું ત્યાં ગાંધીનગર હતો અને કમનસીબે આ બન્યું ત્યારે જ એ કામ આવી ગયું હતું. અમારા અધિકારીઓને આમે બ્રીફ કર્યા છે. અને જે જરૂરી વિગત હશે તે આપીને તપાસ સમિતિને પૂરો સહયોગ આપીશું.

આજથી ૩ દિવસ પહેલા રાજકોટના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલે પોલીસબેડામાં ફફડાટ મચાવે એવો પત્ર રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીને લખ્યો હતો, જેમાં ચોંકાવનારા આક્ષેપો કર્યા હતા. ગોવિંદ પટેલે પત્રમાં લખ્યું હતું કે, શહેરના પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ ડૂબેલાં નાણાં ટકાવારીથી વસૂલવાનું પણ કામ કરે છે. તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ શહેર પોલીસ કમિશનરની કામગીરીથી આપને મેં વાકેફ કર્યા છે, તેઓ કોઈ મવાલી-ગુંડા લોકો જે રીતે કોઈની ઉઘરાણી લેણી નીકળતી હોય અને સામેની પાર્ટી પૈસા ન આપતી હોય તેવા સંજોગોમાં પૈસાની ઉઘરાણી કરવાના હવાલા પણ સંભાળી રહ્યા છે, જેના ઘણા કિસ્સાઓ રાજકોટમાં બન્યા છે, પરંતુ એક કિસ્સામાં આપને લેખિત ફરિયાદ રાજકોટના મહેશ સખિયાએ કરી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# દક્ષિણ-કાશ્મીરમાં અવનતીપુરામાં એક આતંકવાદી ઠાર



**(એજન્સી સમાચાર)**

શ્રીનગર, તા.૮

દક્ષિણ કાશ્મીરમાં પુલવામાં જિલ્લામાં અવનતીપુરા વિસ્તારમાં આતંકવાદીઓ સાથે સલામતી દળોના ગોળી યુધ્ધને અંતે એક આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો હતો. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં કેટલાક આતંકવાદી છુપાયા હોવાની બાતમી મળ્યા બાદ સલામતી દળોએ આખા વિસ્તારને ઘેરી લીધો હતો અને શોધખોળ શરૂ કરતા આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. સલામતી દળોના વળતા ગોળીબારમાં એક ત્રાસવાદી ઠાર મરાયો હતો. હજુ કેટલા આતંકવાદી સંતાયા છે એ માટે સુરક્ષાદળો સર્ચ ઓપરેશન ચલાવી રહયા છે.(૨.૧૧)

# ફરી એકવાર મુકેશ અંબાણીને પાછળ ધકેલી ગૌતમ અદાણી એશીયાના સૌથી સમૃધ્ધ ઉદ્યોગપતિ બન્યા

## અદાણીની કુલ સંપત્તી ૮૮.૫ અબજ ડોલરના આંકડે પહોંચી હોવાનો બ્લુમબર્ગનો અહેવાલ



**(એજન્સી સમાચાર)**

મુંબઇ, તા.૮

ગુજરાતના વિખ્યાત ઉદ્યોગપતિ અને પ્રતિષ્ઠીત અદાણી જૂથના વડા ગૌતમ અદાણી અબજોપતીઓની દોડમાં ફરી એક વખત આગળ નિકળી ગયા છે. મુકેશ અંબાણીને પાછળ ધકેલી ગૌતમ અદાણી એશીયાના સૌથી વધુ ધનાઢય ઉદ્યોગપતિ બની ગયા છે. ૫૮ વર્ષના ગૌતમ અદાણીની સંપત્તી ૮૮.૫ અબજ ડોલરના આંકડે પહોંચી હોવાની બ્લુમબર્ગ બીલ્યોનેર ઇન્ડેક્ષમાં દર્શાવવામાં આવ્યું છે. એમના પછીના



ક્રમે રહેલા મુકેશ અંબાણીની સંપત્તી ૮૭.૯ અબજ ડોલર

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## ભ્રષ્ટાચાર અને હવાલાના આક્ષેપોથી માત્ર પોલીસ લોબી નહીં પરંતુ રાજકીય લોબીમાં પણ ફફડાટ

# જમીનના ધંધા સાથે જોડાયેલા અને ખાસ બ્રાન્ચે વધુ આટાફેરા કરતા કોર્પોરેટરની નિંદર હરામ?






**એક પતંગિયાને ફુટી નવી પાંખો ને પોતે કરે અનોખી વાતો ફુલ જોઇ, રંગ એને પોતાનો લાગે એક રાતો!! જઇ મેઘધનુષને ઉધાર આપવાની કરે એ વાતો.**



**પાંચ વર્ષનું નિશાન તાક્યું, લક્ષ્ય સુધી પહોંચી ના શક્યા.. નેતા છે કે અભિનેતા છે, ખુદને પણ ઓળખી ના શક્યા!!**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૮

રાજકોટના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલે પોલીસબેડામાં ફડફડાટ મચાવે એવો રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખ્યો છે, જેમાં ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. ગોવિંદ પટેલે પત્રમાં લખ્યું છે કે રાજકોટ શહેરના પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ ડૂબેલાં નાણાં ટકાવારીથી વસૂલવાનું પણ કામ કરે છે. જેના ઘણા કિસ્સાઓ રાજકોટમાં બન્યા છે,ત્યારે આ એક ફરિયાદ થયાની સાથે શહેરમાં ભોગબનનારાઓમાં અનો જુમ અને જુસ્સો આવ્યો છે અને તે પણ ફરીયાદ કરવા તૈયારી બતાવી રહ્યા હોવાની શક્યતાઓ છે. હજુ પણ બીજા ભોગબનનાર ખાસ બ્રાન્ચે કરેલ કામોની વાત ગૃહમંત્રી સુધી પહોંચાડી પોતાની રજૂઆત કરશે. તેવી ચર્ચાઓ થઇ રહી છે. કહેવાય છે કે, એક કોર્પોરેટર જે એક પ્રસિધ્ધ નેતાની ખુબ જ નજીક હોવાનું માનવામાં આવે છે એ કોર્પોરેટરના પણ ખાસ બ્રાન્ચ સાથેના અજબ-ગજબ કનેકશનને લઇને ચારે તરફ લોકચર્ચા ચાલી રહી છે. આ કોર્પોરેટર ખાસ બ્રાન્ચ સહિતની કેટલીક સુચક જગ્યાઓ પર સતત આટાફેરા કરી રહયા હોવાનું જાણવા મળ્યું છે. એક ટોચના નેતા અને ચોક્કસ હોદ્દો ધરાવતા વગદાર આગેવાન સાથે ખુબ જ ઘનિષ્ઠ નાતો ધરાવતા આ કોર્પોરેટરની જોરદાર દોડધામ થતી જોવા મળી રહી છે. ચોક્કસ બ્રાન્ચ ઉપરાંત કાયદો વ્યવસ્થાને લગતી અન્ય ચોક્કસ કચેરીઓ પર અચાનક આ કોર્પોરેટરના આંટા ફેરા વધી ગયા છે. એના પરથી એવું લાગે છે કે, સીપી તોડ કાંડ પ્રકરણમાં નવા નવા ફણગા ફુટી શકે છે અને અવનવા વણાંકો આવી શકે છે.

આ ઉપરાંત હવે તે કોર્પોરેટરને પણ ગંધ આવવા લાગી છે કે તોપનું નાળચુ ધીમે ધીમે આપણી તરફ આવી રહ્યું છે તે ક્યારે ફુટશે તે કહી ન શકાય તેથી દીવસે મન નથી લાગતુ અને રાતે નીંદર હરામ થઇ ગઇ હોય તેવી હાલત થઇ ગઇ છે.

પણ આ કોર્પોરેટરની વાત શહેર ભરમાં ફુલોની મહેકની મારફત પ્રસરી ગઇ છે અને તેની સુંગધ તમામને આવી રહી છે પણ કોઇ સ્વીકારવા તૈયાર નથી કે આ ક્યા ફુલની સુંગધ છે પણ કોઇ વાંધો નહીં એક દિવસ એવો આવશે કે આ ફુલની સુંગધ ક્યાથી આવશે તેની ખબર પડી જશે અત્યારે તમામ કોર્પોરેટરોમાં એક જ ચર્ચાઓ ચાલે છે કે આ મહાનુભાવ કોણ હશે? બધા પોત પોતાની રીતે નામો નક્કી કરી રહ્યા છે. પણ કદાચ સમય આવ્યે નામ જાહેર થાય તૈયાર સૌ કોઇ નવાઇ પામી જશે તેવી પુરી શક્યતાઓ છે.

કહેવાય છે ને કે ચોરી નાની કરી હોય કે મોટી કરી હોય તે ચોરી જ કહેવાય છે તેમ ખાસ બ્રાન્ચને સાથે રાખીને નાનું કામ કર્યુ હોય કે મોટુ કામ કર્યુ હોય પણ કર્યુ તો છે જ તેથી તે સામે આવે તેવી શક્યતાઓ છે.

કોર્પોરેટર એટલે વોર્ડની પ્રજાનો સેવક ગણાય તેને લોકોને શું સમસ્યાઓ પડે છે તે જોવાનું હોય અને તેનું નિરાકરણ લાવવાનું હોય છે પણ આ નેતાના એકદમ નજીકના કોર્પોરેટરે તેની આખી વ્યાખ્યા બદલી નાખી છે. જે ખરેખર યોગ્ય કહેવાય નહીં આ કોર્પોરેટરની હકીકત જયારે બહાર આવશે ત્યારે પક્ષના મોટા આગેવાનો અને નેતાઓ પણ મોં મા આગળા નાખી જશે તેમાં શંકાને કોઇ સ્થાન નથી. હવે જોવાનું રહ્યુ કે આ કોર્પોરેટરનું નામ બહાર આવશે કે મોટા નેતાની નજીક હોવાથી નામ ઢંકાઇ જશે અને કલિનચિટ મળી જશે.(૪.૧)

**કોર્પોરેટરની વાત શહેર ભરમાં ફુલોની મહેકની મારફત પ્રસરી ગઇ છે અને તેની સુંગધ તમામને આવી રહી છે પણ કોઇ સ્વીકારવા તૈયાર નથી કે આ ક્યા ફુલની સુંગધ છે પણ કોઇ વાંધો નહીં એક દિવસ એવો આવશે કે આ ફુલની સુંગધ ક્યાથી આવશે તેની ખબર પડી જશે**

# જંગલેશ્વરમાં વરલીનો જૂગાર રમતાં બે પકડાયા

### ભક્તિનગર પોલીસે ૧૫ હજારની રોકડ અને આંકડા લખેલી સ્લીપો કબ્જે લીધી

રાજકોટ તા. ૮: જંગલેશ્વરના કનૈયા ચોકમાં સંજરી પાન પાસે જાહેરમાં વરલી મટકાના આંકડા પર જૂગાર રમાડતાં બે શખ્સને ભક્તિનગર પોલીસે પકડી લીધા હતાં. કપાત ખાનાર તરીકે નામચીન બૂટલેગર ફિરોઝની બા રમા ઉર્ફ રહેમતનું નામ ખુલ્યું છે.

જાણવા મળ્યા મુજબ જંગલેશ્વર કનૈયા ચોકમાં સંજરી પાન પાસે પોલીસે દરોડો પાડી જયેશ કિશનભાઇ મારૂ (ઉ.૪૪-રહે. રામનાથપરા-૪) તથા ધીરેન પોપટભાઇ રાણપરા (ઉ.૬૧-રહે. દેવપરા વિવેકાનંદ-૭)ને વરલીના આંકડા પર જૂગાર રમાડતાં હોઇ પકડી લઇ રોકડા રૂા. ૧૫૨૪૦, આંકડા લખેલી બે સ્લીપ કબ્જે કરાયા હતાં. પુછતાછમાં આ બંનેએ પોતે આંકડાની કપાત જંગલેશ્વરની જુની બૂટલેગર રમા ઉર્ફ રહેમત જાવીદ સંધી પાસે કપાત કરાવતાં હોવાનું કબુલતાં રમાનું નામ પણ આરોપીમાં સામેલ કરાયું છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ રમા ઉર્ફ રહેમત એ બુટલેગર ફિરોઝની માતા થાય છે.



### રેલનગરના માયાબેન રાઠોડનું પણ બેભાન હાલતમાં મોત

રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતાં માયાબેન દિલીપભાઇ રાઠોડ (ઉ.વ.૪૫) સાંજે ઘર પાસે દૂકાને બેઠા હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

**પિતા સાથે ફોનમાં ઝઘડો થયા બાદ તુશાલીએ ત્રિકોણબાગ પાસે આવી મોઢામાં ઝેરી સ્પ્રે કર્યો: વિનાયકનગરની પરિણીતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ**

## રાજકોટ ક્રાઇમ કોર્નર

### માલિયાસણમાં પરપ્રાંતિય યુવાનનો ગળાફાંસો ખાઇ આત્મહત્યા

રાજકોટ: માલિયાસણમાં ચામુંડા પાન પાસે રહેતાં પરપ્રાંતિ યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. માલિયાસણ રહેતાં રામનિવાસ રાજપહોર સાકેત (ઉ.વ.૨૫) નામના યુવાને ગળાફાંસો ખાઇ લીધાની જાણ ૧૦૮ મારફત થતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ પીએસઆઇ વરૂએ કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. અક્ષયભાઇ ડાંગરે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર યુવાન પરપ્રાંતનો વતની હતો અને કારખાનામાં મજૂરી કરતો હતો. પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### શ્વાસની બિમારીથી કંટાળી યુવતીનો ફાંસો ખાઇ આપઘાત

રાજકોટ: શાપરના પારડી ગામે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં ત્રણ સંતાન મા વિહોણા થઇ ગયા છે. પારડી રહેતી કિરણબેન કિશોરભાઇ પરમાર (ઉ.વ.૩૩) નામના મહિલાએ રાત્રીના ઘરે લાકડાની આડીમાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં શાપર પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ ખસેડયો હતો. આપઘાત કરનાર કિરણબેનને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પતિ સેન્ટીંગ કામની મજૂરી કરે છે. શ્વાસની બિમારીથી કંટાળી આ પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યુ હતું.

### પતિએ સામુ બોલવાની ના પાડતાં ઝઘડો: માઠુ લાગતા ઝેર પીધું

રાજકોટ: ચોટીલાના ચિરોડા ગામે રહેતી ભાનુબેન વેણશીભાઇ ખીહડીયા (ઉ.૩૫) નામની મહિલાએ વાડીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે ચોટીલા અને બાદમાં રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવી છે. તેણીના લગ્ન દસ વર્ષ પહેલા થયા છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરી હતી. પતિ વેણશી ખેત મજૂરી કરે છે. તેના કહેવા મુજબ સામાન્ય બોલચાલ થતાં પત્નિ સામુ બોલતી હોઇ તેને ના પાડતાં માઠુ લાગી જતાં ઝેર પી લીધું હતું.

### બેભાન હાલતમાં લક્ષ્મીનગરના આધેડે દમ તોડયો

રાજકોટ તા. ૮: નાના મવા રોડ લક્ષ્મીનગર-૧માં રહેતાં ખીમજીભાઇ નારૂભાઇ બગડા (ઉ.૪૨) બિમાર હોઇ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃતક રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક પુત્રી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

### ખાસમ ખાસ નેતાની સાથે આંટાફેરા કરતો

# કોમ્પ્યુટર જ્ઞાની કરોડપતિ બની ગયો?!

### ટૂ વ્હીલર લઈને આપતો ફોર વ્હીલરમાં ફરવા લાગ્યો, આલીસાન બંગલો ખડકી દિવાની ચર્ચા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૮

રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રાવલ અને ક્રાઈમ બ્રાંચ કમિશનબાજી કરતા હોવાનો ધારાસભ્ય ગોવિંદ પટેલે આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો છે. કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવનાર જુદી-જુદી શાળાઓમાં કોન્ટ્રાક બેઝથી વિવિધ શાળાઓમાં કોમ્પ્યુટર પુરા પાડતો હતો. કેટલીક શાળાઓના સંચાલકો રાજકારણ સાથે સંકળાયેલા હોવાથી કોમ્પ્યુટરની કામગીરી માટે શાળાઓની મુલાકાત લેતો હતો. ધીમે-ધીમે રાજકારણી નેતાઓના સંપર્કમાં આવતા ઓફિસ સુધી પહોંચવામાં સરળ બન્યું! કેટલાક નેતાઓના વિશ્વાસ જીતી લઈ ઓફિસ બેસવાનું પાકકું કરી લીધું. ગાંધીનગરમાં ખુરશીમાં બેસવા નસીબ ચમકતા કોમ્પ્યુટર જ્ઞાનીનો ગાંધીનગર જવાની તક મળતા પછી કયારેય પાછું વળીને જોવું પડયું નથી. રાજકીય નેતાની મુલાકાત માટે પહેલા કોમ્પ્યુટર જ્ઞાનીની મુલાકાત લેવી ફરજીયાત બની ગઈ હતી! અફલાતુન જીંદગી જીવવાનો મોકો મળતા એસીવાળી ચેમ્બરમાં નવી નકોર ખુબ સરસ રીતે ગોળ ગોળ ફરતી ચેરવાળી ખુરશીમાં ઉપયોગી મુલાકાતીઓને રાજકીય નેતાને મળવાનો સમય ફાળવી દેવાતો નેતા સાથે સામાન્ય વાતચીત માટે લોકોને કલાકો સુધી લાઈનમાં બેસી રહેવું પડતું?

ટૂ વ્હીલર લઈને ઓફિસે આવનાર કોમ્પ્યુટર જ્ઞાનીને રાજકીય નેતાના આશીર્વાદથી ફોર વ્હીલર લઈને ફરતા થયા. ધીમે-ધીમે આલીશાન બંગલો ખડકી દેતા લોકોમાં ખૂબ ચર્ચાઓ થતી હતી. કોમ્પ્યુટર જ્ઞાની ખૂબ જ ટૂંકાગાળામાં કરોડપતિ કેવી બની ગયો? તે અંગે તપાસ થાય તો અનેકના તપેલા ચડી જાય તેવી ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલે પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ હપ્તા લેતા હોવાનો ગંભીર આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો હતો. રાજય સભાના સાંસદ રામભાઈ મોકરીયાએ ધારાસભ્ય ગોવિંદ પટેલની વાતને સમર્થન આપ્યું હતું.

# પ૩ કિલો વાસી ખોરાકનો નાશ કરાયો







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૮

### સાધુ વાસવાણી રોડ પર દબાણો દૂર કરાયા: મનપા દ્વારા 'વન વીક, વન રોડ' ઝુંબેશ અંતર્ગત કામગીરી કરાઈ

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ મુખ્ય ૪૮ માર્ગો પર વન વીક, વન રોડ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આજે વેસ્ટ ઝોનમાં સાધુ વાસવાણી મેઈન રોડ ખાતે અલગ અલગ શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા વન વીક વન રોડ અંતર્ગત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારના સાધુ વાસવાણી મેઈન રોડ પરના પાર્કિંગ તથા માર્જીનમાં થયેલ નીચેની વિગતો થયેલ દબાણો/ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે.

ફૂડ શાખા દ્વારા સાધુવાસવાણી મેઇન રોડ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીના ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૩૮ ફુડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમ્યાન વાસી પ્રિપેર્ડ ફૂડ સબ્જી, મંચુરિયન, ચટણી, વાસી કાપેલ બાફેલ શાકભાજી, બાંધેલો વાસી લોટ, નુડલ્સ, ગ્રેવી, ચટણી મળી અંદાજે કુલ ૫૩ સલ અખાદ્ય વાસી ખોરાકનો નાશ કરેલ તથા ૧૩ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપેલ.

# વિવિધ હોસ્પિટલોમાં આગની મોકડ્રીલ યોજાઈ





### સ્ટાફનો ફાયર સેફટી ટ્રેનિંગ અપાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૮

મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા છેલ્લા બે દિવસમાં મનપાના સ્ટાફને ફાયર સેફટી ટ્રેનિંગ અને વિવિધ હોસ્પિટલો જેવી કે પારીતોષ હોસ્પિટલ, જયંત કે.જી. રોડ, તથા પંડ્યા હોસ્પિટલ, ચૌધરી હાઈસ્કૂલ પાસે, તથા સિનર્જી હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, તથા જી.ટી. શેઠ હોસ્પિટલ, જામ ટાવર પાસે અને પદ્મકુંવરબા હોસ્પિટલ, ગુંદાવાડી ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું. સાથોસાથ હોસ્પિટલોનાં સ્ટાફને પણ ફાયર સેફટી ટ્રેનિંગ આપવામાં આવેલ હતી. મોકડ્રીલ દરમ્યાન ચારેય હોસ્પિટલોમાં કુલ મળીને આશરે ૧૦૦ જેટલા કર્મચારીઓને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસરો અમિત દવે, યોગેશ જાની, શૈલેશ નડીયાપરા અને અશોકસિંહ ઝાલા અને ફાયર મેન સહિતના સ્ટાફ દ્વારા આગ બુઝાવવા માટેનાં બાટલા (ફાયર એક્ષ્ટીંગ્યુસર) નો ઉપયોગ કેવી રીતે કરવો તેની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી.

# વેરા-વસુલાત શાખા દ્વારા કુલ ૨૩.૬ લાખની રિકવરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૮

### ૩ મિલ્કતોને સીલ મારેલ તથા ૮ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ

રાજકોટ મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા આજે વોર્ડ નં- ૪માં પારેવડી ચોકમાં આવેલ કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ છે, મોરબી રોડ પર આવેલ રહેણાંક યુનિટના બાકી માંગણા સામે રૂ. ૫૧ હજાર રિકવરી વોર્ડ નં- ૬માં સંત કબીર રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૨ લાખ રીકવરી, ચંપકનગરમાં આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૧૭ લાખ રિકવરી. વોર્ડ નં- ૭માં પેલેસ રોડ પર આવેલ જોગીયા જવેલર્સને બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ છે, સોની બજારમાં સુવર્ણ બિંદુના બાકી માંગણા સામે રૂ. ૯૩ હજાર રિકવરી, ગોંડલ રોડ પર આવેલ વિજય વિલાના બાકી માંગણા સામે રૂ. ૨ લાખ રિકવરી, યાજ્ઞિક રોડ પર આવેલ સીટી પ્લાઝાના બાકી માંગણા સામે રૂ. ૧.૩૦ લાખ રિકવરી. વોર્ડ નં- ૯માં સાધુવાસવાણી રોડ પર આવેલ ૨-રહેણાંક યુનિટને બાકી માંગણા સામે સીલ કરેલ છે. વોર્ડ નં- ૧૨માં પુનીતનગરમાં આવેલ વાસુદેવ વિદ્યાલયના બાકી માંગણા સામે રૂ. ૩.૩૨ લાખ રિકવરી, ગોંડલ રોડ હાઇવે પર આવેલ મહિન્દ્રાના શોરૂમના બાકી માંગણા સામે રૂ. ૧.૯૪ લાખ રીકવરી. વોર્ડ નં- ૧૫માં કોઠારિયા રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧ લાખ રીકવરી. વોર્ડ નં- ૧૮માં ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૨ લાખ રીકવરી કરવામાં આવેલ છે.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, નિરજ વ્યાસ, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ તથા વોર્ડ કલાર્ક દ્વારા આસી. કમિશ્નર કગથરા, સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# તંત્રી સ્થાનેથી...

## કૃષિ સંબંધિત વ્યૂહરચનાઓની સંપૂર્ણ સમીક્ષા કરવી જોઈએ

માનવીના અસ્તિત્વ માટે કૃષિ મહત્વપૂર્ણ છે કારણ કે આ ક્ષેત્ર પાક, અનાજ, શાકભાજી, ફળો અને ડેરી ઉત્પાદનો પ્રદાન કરે છે. તેની ઘણી પેટા શાખાઓ છે ઉદાહરણ તરીકે મત્સ્યઉદ્યોગ, જળચરઉછેર, બાગાયત, ખેતી વગેરે. ખેતીનો ઈતિહાસ યુગો જૂનો છે પરંતુ વર્તમાન સમયમાં લોકો તેને વ્યવસાય તરીકે અપનાવવામાં અચકાય છે.

આ ક્ષેત્રમાં રસ ઘટવા પાછળ ઘણા કારણો છે. સૌપ્રથમ, જમીનો અને ખેતરોનું સંચાલન કરવા માટે તેને ઘણાં શારીરિક શ્રમ અને માનવબળની જરૂર છે. બીજું, સમગ્ર વિશ્વમાં આબોહવામાં આવેલ ભિન્નતા ખેતી અને સંવર્ધનને અસર કરે છે, દાખલા તરીકે જ્યારે પાક ખેતી માટે તૈયાર હોય ત્યારે કુદરતી આફતો પૂર, વરસાદ તેનો નાશ કરે છે. ત્રીજું, વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિને કારણે લોકોએ તેમની માનસિકતા પરંપરાગત ખેતીમાંથી બાયોટેકનોલોજી તરફ બદલી છે જ્યાં તેઓ સુક્ષ્મસજીવોનો લાભ લઈ શકે છે, યુવા પેઢીઓમાં જાગૃતિ ઝુંબેશ શરૂ કરવી અને તેમને આ વિશે માહિતી આપવી એ યોગ્ય ઉપાય છે. આ ક્ષેત્ર કરતાં વધુ વજનના પરિણામો. વધુમાં, વિશ્વભરની સરકારોએ તેમની કૃષિ સંબંધિત વ્યૂહરચનાઓની સંપૂર્ણ સમીક્ષા કરવી જોઈએ અને તેમને એવી રીતે બદલવી જોઈએ કે જેથી ખેડૂતને પણ લાભ મળે. જો કે, શિક્ષિત કાર્યબળ એ સમાજ માટે વરદાન છે તેથી આ વિષય અને શાળાના અભ્યાસક્રમમાં તેનું મહત્વ પ્રદાન કરવાથી પણ લાભ થશે. સંક્ષિપ્તમાં કહીએ તો, તે નિષ્કર્ષ પર આવી શકે છે કે રસના અભાવનું કારણ તેના અસંખ્ય ફાયદાઓ વિશે અજાણ છે. હું મારી દઢ માન્યતાને પુનરોચ્ચાર કરું છું કે રાજ્ય અને હિતધારકોની ભાગીદારીથી આ વલણમાં સુધારો થશે.







### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ પ્રો. ડો.ભીમાણીના હસ્તે યુટ્યુબ ચેનલ લોન્ચ કરાઈ

# સી.સી.ડી.સી. દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓને ચેનલનો લાભ મળશે

### ૪૨૪ કલાકના ૨૧૨ વિડિયો રાજ્યના વિદ્યાર્થીઓ નિઃશુલ્ક નિહાળી શકશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૬ થી સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓના તાલીમ માટે કાર્યરત કેરીયર કાઉન્સેલીંગ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) એવું પ્રથમ સેન્ટર બન્યું છે કે જેના દ્વારા દેશમાં પ્રથમ યુ-ટયૂબ ચેનલ લોન્ચ કરાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ગીરીશભાઈ ભીમાણી દ્વારા આ યુ-ટયુબ ચેનલને સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમાર્થીઓ માટે ખુલી મુકાઈ છે. જેમાં ૪૨૪ કલાકના ૨૧૨ વિડીયો અપલોડ કરાયા છે. રાજકોટ સહિત રાજ્ય ભરમાં વર્ષે ૮ લાખથી વધુ ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હોય છે જેઓને આ વીડિયો ખૂબ જ ઉપયોગી બની રહેશે.

નવનિયુકત કુલપતિ ડો. ગીરીશભાઈ ભીમાણીએ આજ મંગળવારે સીસીડીસી સેન્ટરમાં તલાટી કમ મંત્રી બનવા માટે તાલીમ મેળવતા ૨૦૦ વિદ્યાર્થીઓને રૂબરૂ મળી ઝળહળતી સફળતા મળે તે માટે શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે અહીં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા તમામ તાલીમાર્થીઓ સરકારી ભરતીમાં પસંદગી પામે અને સી.સી.ડી.સી.નું નામ માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજય અને દેશભરમાં રોશન કરે એવી અંતરથી શુભેચ્છા પાઠવી હતીં.

આ તકે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા તાલીમાર્થીઓ માટેના વિડીયો સ્વરૂપ યુ-ટયુબ ચેનલને વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકી હતી.

હવે સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે નવા સાહસ રૂપે દેશમાં પ્રથમ યુટયૂબ ચેનલ લોન્ચ કરી છે જેમાં ૪૨૪ કલાકના ૨૧૨ વિડીયો અપલોડ કરાયા છે જેમાં જી.પી.એસ.સી. કોચીંગના ૧૫૦ કલાકના લેકચર, હેડ કલાર્ક, પી.એસ.આઈ. બનવા માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી વીડિયો ઉપરાંત યુ.જી.સી. નેટ કોચીંગના વીડિયા મુકાયા છે જે રાજ્યના કોઈપણ વિદ્યાર્થી નિઃશુલ્ક જોઈ શકશે. જેમાં રાજકોટ સ્પીપાના ડાયરેકટર શૈલેષભાઈ સગપરીયાના લક્ષ્યવેધ વેબીનાર, તજજ્ઞ ધવલ મારૂ, ડો. રાહુલ રાવલીયા, સમીર જાવીયા, પ્રજ્ઞાબેન ધામેચા, ભાવિન માંકડ અને મોહિત અધડુક સહિતના વિષય નિષ્ણાંતોના લેકચર ઉમેદવારો જોઈ શકશે. અત્યાર સુધીમાં આ યુ-ટયુબ ચેનલની ૨૧,૨૯૯ લોકોએ મુલાકાત લીધી છે. યુ-ટયુબ લોન્ચ પ્રસંગે કુલપતિ પ્રો. ડો. ગીરીશભાઈ ભીમાણી, સીસીડીસી સંયોજક પ્રો. નિકેશભાઈ શાહ, લાયબ્રેરીયન હેતલબેન ગોસ્વામી, સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી વગેરે ઉપસ્થિત રહેલ હતા.

# રાજકોટઃ 'આપ' દ્વારા અસિત વોરાના રાજીનામાની ભવ્ય ઉજવણી કરાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

તાજેતરમાં લેવાયેલ હેડ કલાર્કની પરીક્ષામાં થયેલ પેપર કાંડમાં આડકતરી રીતે સતાપક્ષ અને ગૌણ સેવા પસંદગીના અધ્યક્ષ આસીત વોરાની મિઠી નજર હેઠળ આ કાંડ થયા હોવાના આક્ષેપો થયા હતા, જેમાં આમ આદમી પાર્ટીના આપ યુવા નેતા યુવરાજસિંહ જાડેજા દ્વારા સમગ્ર પ્રકરણ આધાર પુરાવા સહિત ઉજાગર કરેલ અને સરકાર ઉપર આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા આસીત વોરાના રાજીનામાં અંગે સરકારમાં ઉગ્ર રજૂઆતો ધરણા, જેલ જેવા ઘણા આંદોલન કારી કાર્યક્રમો કરાયા હતા. જે કારણોસર ગઇકાલે અસિત વોરાએ રાજીનામું આપેલ હતુ.

આ રાજીનામું આપવાથી આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા આ રાજીનામાની ભવ્ય આતસબાજી અને મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી આ ઉજવણીમાં શહેર હોદ્દેદારો, દરેક વોર્ડના હોદ્દેદારો, મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહી વિજયોત્સવ કરવામાં આવેલ. તેમ રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે.

### દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત

# સાહિત્ય સેતુ સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

### વસંતપંચમી નિમિતે સરસ્વતી પૂજન, ગ્રંથ પૂજન, વાંચન શિબિર, સર્જક સન્માન સહિતના કાર્યક્રમો સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત સાહિત્યીક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વસંત પંચમી નિમિતે શહેરના કાલાવડ રોડ પર આવેલ શ્રી કોટેચા હાઈસ્કુલમાં સરસ્વતી પૂજન, ગ્રંથ પૂજન, વાંચન શિબિર, સર્જકોનું સન્માન અને વિદ્યાર્થીની બહેનોના વકતવ્યનો કાર્યક્રમ યોજાયા જેનું ઉદ્યોગપતી ગીરીશભાઈ કડવાણીએ મંગળદિપ પ્રગટાવી ઉદ્ધાટન કરેલ હતું.

આ પ્રસંગે સમાજજીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, ઉદ્યોગપતી વસંતભાઈ, નિવૃત પ્રિન્સિપાલ વી.ડી.વઘાસીયા, નાટયગુરૂ કૌશિકભાઈ સિંધવ, સહકારી અગ્રણી પ્રવીણભાઈ નિમાવત, પટેલ કોમ્પ્યુટરવાળા સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુપમ દોશીએ કરેલ. આયોજનની સફળતા માટે સંસ્થાના હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી, નૈષધભાઈ વોરા, જયેન્દ્રભાઈ મહેતા, શાળાના પ્રિન્સિપાલ સ્વાતિબેન જોષી તેમજ શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

### જૂનાગઢ ખાતે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડના પૌત્ર

# વૈશ્વિકે ઈન્ટર ડીસ્ટ્રીકટ કરાટે કોમ્પીટીશનમાં માત્ર છ વર્ષની વયે સીલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

### વૈશ્વિકની પીઠ થાબડી અભિનંદન પાઠવતા રાજકોટ જિલ્લા કલેકટર તેમજ રાજકોટ મ્યુ. કમિશ્નર




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

શહેર ભાજપ મહામંત્રી તથા શહેરની સેવાકીય ક્ષેત્રે જાણીતી સંસ્થા પુરૂષાર્થ યુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ રાઠોડના માત્ર ૬ વર્ષની વયના પૌત્ર વૈશ્વિક દિપેશભાઈ રાઠોડએ જુનાગઢ ખાતે ઈન્ટર ડીસ્ટ્રીકટ કરાટે કોમ્પીટીશનમાં ભાગ લઈ કરાટે તથા ફાઈટમાં સીલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે ત્યારે આ તકે કિશોરભાઈ રાઠોડે જણાવેલ કે વૈશ્વિક નાનપણથી જ રમત-ગમતમાં રૂચી ધરાવતો હોય ખુબજ નાની વયે જુડો-કરાટેની તાલીમ પ્રાપ્ત કરી શરીર સૌષ્ઠવ વિકાસાવેલ છે ત્યારે વૈશ્વિક માત્ર ૬ વર્ષની નાની વયે જૂનાગઢ ઈન્ટર ડીસ્ટ્રીકટ કરાટે કોમ્પીટીશનમાં ભાગ લઈ કરાટે તથા ફાઈટમાં સીલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યું છે તે સમગ્ર રાઠોડ પરિવાર માટે ગૌરવવંતી ક્ષણ છે.

આ તકે રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશબાબુ અને રાજકોટ મ્યુનિસીપલ કમિશનર અમિત અરોરાએ વૈશ્વિકને નાની વયે આ સિધ્ધી પ્રાપ્ત કરવા બદલ તેની પીઠ થાબડી અભિનંદન આપી તેને બીરદાવેલ હતો અને તેને સન્માનીત કરી પ્રમાણપત્ર એનાયત કરેલ વૈશ્વિક ભવિષ્યમાં પોતાના પરિવારની સાથોસાથ દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમ કિશોર રાઠોડની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજપથ વગર નથી ઉદ્ધારના સુત્ર સાથે ૧૧ મુમુક્ષુઓ દિક્ષાનાં માર્ગે પ્રયાણ કરશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

રાજપથ વગર નથી ઉદ્ધારના સુત્ર સાથે ૧૧ મુમુક્ષુઓ દિક્ષાનાં માર્ગે પ્રયાણ કરશે. જે કાર્યક્રમની રૂપરેખા મુજબ, રાજપથ મહોત્સવની શરૂઆત આગામી તા.૧૩ ને રવિવારથી થશે. રવિવારે સવારે ૮:૩૦ કલાકે મંડપ ઉદ્ઘાટન, ૯ કલાકે શ્રી શાંતિ સ્નાત્ર મહાપૂજા અને સાંજે ૭:૩૦ કલાકે ભક્તિ ભાવના થશે.

તા.૧૪ને સોમવારે સવારે ૯ કલાકે રજોહરણ વંદના અને સાંજે ૭:૩૦ કલાકે **A Joyful Life**-એક શાનદાર દ્રશ્યાવલી યોજાશે. મહોત્સવના ત્રીજા દિવસે એટલે કે તા.૧૫ને મંગળવારે સવારે ૯ કલાકે ૮-૮ સંગીતકારો સાથે ભવ્યાતિભવ્ય વીર જિન દીક્ષા કલ્યાણક પૂજ થશે જેમાં જૈમનભાઈ વારૈયા, પારસ ગડા, શની શાહ, વિલેશ જૈન, ગૌરવ શાહ, નૈતિક શાહ, ઉમંગ ભાવસાર અને સૌમિલ શાહ પોતાના સંગીતના સુર ઠાલવશે. બપોરે ૨ કલાકે ગાંવ સાંઝીમાં શ્વેતા ગાંધી પોતાના સ્વરે રજુ કરશે. સાંજે ૭:૩૦ કલાકે નઅલખ નિરંજનથ યુવાઓ માટે એક ભવ્ય-નવ્ય પ્રસ્તુતિ રજૂ કરાશે. તા.૧૬ ને બુધવારે સવારે ૮ કલાકે વરઘોડો, સવારે ૯:૩૦ કલાકે કલાપૂર્ણ નગરીમાં ધર્મસભા ત્યારપછી ૧૧ મુમુક્ષુઓ માટે દીક્ષા ઉપકરણનો ચઢાવો, બપોરે ૩:૩૦ કલાકે મુમુક્ષુઓનું અંતિમ વાયણા, સાંજે ૭:૩૦ કલાકે અંતિમ રાત-અંતરની વાત ત્યારબાદ વિદાયમાં દરેક મુમુક્ષુઓ પોતાના સ્વાનુભવની અભિવ્યક્તિ રજૂ કરશે અને સંચાલન ભાવિકભાઈ મહેતા (અમદાવાદ) કરશે.મહોત્સવના અંતિમ દિવસે તા.૧૭ને ગુરૂવારે સવારે ૫ કલાકે પંન્યાસ પદ પ્રદાન તથા દીક્ષા વિધીનો મંગળ પ્રારંભ થશે.


રાજેશભાઇ ખીમજી કારીઆ


ચંદનબેન રાજેશભાઇ કારીઆ


નીર રાજેશભાઇ કારીઆ


ધનરાજ રાજેશભાઇ કારીઆ


યોગેશભાઇ અમૃતલાલ શાહ


પ્રવીણભાઇ ગુણશીભાઇ સત્રા



હર્ષકુમાર રાજેશભાઇ શેઠ

### ચેન્નઇ નગરના ચાર દુલારા..બન્યા રાજપથના સિતારા


પુષ્પકમલભાઇ કિશોરભાઇ સિંઘવી


દેવીબેન પુષ્પકમલભાઇ સિંઘવી


પૂજાબેન વિનોદભાઇ ગુલેચ્છા


શિવમ્ મનિષભાઇ તાતેડ

# ટિકિટ બુકીંગ કરનાર મુસાફરને ત્રાસ આપ્યાના કેસમાં વળતર ખર્ચ ચૂકવવાનો ચુકાદો યથાવત રાખતી રાજ્ય ગ્રાહક ફોરમ

### રાત્રીના બદલે સવારની ટિકિટનું રીઝર્વેશન એસ.ટી. કર્મચારીએ કરી આપ્યું હતું, જે બાદ ટિકિટ કેન્સલ પણ કરી નહોતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

ટિકિટ બુકીંગ કરનાર ગુજરાત એસ.ટી. નિગમના મુસાફરને માનસીક ત્રાસ, વળતર તથા ફરિયાદ ખર્ચ ચુકવવાના ચુકાદાને ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશને યથાવત રાખ્યો છે. આ કેસની હકીકત મુજબ જેતપુરના એડવોકેટ હાર્દિક ચોવટીયાએ કૃષ્ણનગર (અમદાવાદ)થી જેતપુર જવા માટે એસ.ટી. બસમાં એક સીટની ટિકિટ અને રાજકોટ માટે ૨ ટિકિટોનું મુસાફરી માટે બુકીંગ કરાવ્યું હતું. જોકે રાત્રીના બદલે સવારની ટિકિટ નું રીઝર્વેશન એસ.ટી. કર્મચારીએ કરી આપ્યું હતું.

જે અંગેની જાણ ફરિયાદીને રાત્રીના બદલે સવારે જે-તે રૂટના કંડકટરનો ફોન આવ્યા બાદ થઈ હતી. જેથી કંડકટરના કહેવા અનુસાર ફરીયાદી રીઝર્વેશન ટિકિટ કેન્સલ કરાવવા માટે કૃષ્ણનગર (અમદાવાદ) ખાતે ગયા હતા. તે સમયે ફરજ પર હાજર કર્મચારી નીતાબેન રાઠોડે ફરિયાદીને થાય તેમ કરી લો. તેવુ કહી અને ઉદ્ધત વર્તન અને જીભાજોડી કરી ફરિયાદીને ટિકિટ કેન્સલ કરી આપવાનો ઈનકાર કર્યો હતો. આ અંગે ફરિયાદી દ્વારા ઉચ્ચ અધિકારીઓને સમગ્ર બનાવ અંગે જાણ કરી હતી.

તેમ છતાં યોગ્ય પ્રત્યુતર ન મળતા, ફરીયાદીએ સેવામાં ખામી, માનસીક ત્રાસ અને વળતરની માંગણી કરતો કેસ રાજકોટ ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ કંડકટર નીતાબેન મનુભાઈ રાઠોડ, ડેપો મેનેજર ચંડોળા, વિભાગીય નિયામક અમદાવાદ અને મેનેજીંગ ડીરેકટર ગુજરાત એસ.ટી. અમદાવાદ વિરૂદ્ધ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ કમિશને ફરિયાદીને ફરિયાદ ખર્ચ, વળતર અને ટિકિટનું રીફંડ વ્યાજ સહિત ચુકવવા હુકમ ફરમાવ્યો છે.

જોકે આ ચુકાદાથી નારાજ થઈ કર્મચારી આરોપીઓએ ગુજરાતના ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ અપીલ દાખલ કરી હતી. જોકે, ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશને અપીલ રદ કરતો હુકમ ફરમાવી રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ કમિશનનો ચુકાદો યથાવત રાખ્યો છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## અગાઉ કોરોનાના લીધે મુલત્વી રહ્યા બાદ નવો કાર્યક્રમ જાહેર

# જૂનાગઢમાં ૨૨મીએ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા





### વિવિધ રાજ્યોમાંથી ૪૪૯ સ્પર્ધકો ભાગ લેશે, તા.૧૮મીએ સ્પર્ધકોનો મેડિકલ ટેસ્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

ગુજરાત રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે આગામી તા.૨૦ ફેબ્રુઆરીના રોજ અખિલ ભારત ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. જેમાં દેશભરના ૪૪૯ સ્પર્ધકો ભાગ લેશે.

જૂનાગઢમાં ગત તા.૬ ફેબ્રુઆરીના રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાનાર હતી. વધતા કોરોના સંક્રમણના કારણે આ સ્પર્ધા મોકૂફ રાખવામાં આવી હતી. હવે કોરોનાની ગતિ ધીમે પડી છે ત્યારે રમત ગમત વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાની નવી તારીખ જાહેર કરી છે.

જેમાં આગામી તા.૨૦ ના આ સ્પર્ધા યોજાશે. જેમાં ૧૯૫ સીનીયર ભાઈઓ, ૮૯ જુનીયર ભાઈઓ, ૯૫ સીનીયર બહેનો અને ૭૦ જુનીયર બહેનો મળી કુલ ૪૪૯ સ્પર્ધકો ભાગ લેશે. સવારે ૭:૨૦ વાગ્યે જુનીયર ભાઈઓ માટે, જયારે સીનીયર અને જુનીયર બહેનો માટે ૭-૩૫ કલાકે સ્પર્ધા શરૂ થશે.

ગીરનાર સ્પર્ધાના આગલા દિવસોમાં તા.૧૮,૧૯ ફેબ્રુઆરીના દરેક સ્પર્ધકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવશે. જેથી તા.૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બપોર ૨ વાગ્યા પછી તળપદા કોળી જ્ઞાતિની વાડી, ભવનાથ, જૂનાગઢ ખાતે હાજર રહેવા સુચના આપવામાં આવી છે.

## બાપા સીતારામ ગૌસેવા મંડળ દ્વારા પ્રેરક શ્રધ્ધાંજલિ



### સ્વ.લતાજી અને પૂ.કાશ્મીરીબાપુને શોકાંજલિ અર્પવા ગૌશાળામાં ૧૦૨ મણ ઘાસચારો અપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

ભારતરત્ન સુરસામ્રગી આદરણીય લતા મંગેશકર તથા પરમ પૂજય સ્વ. કાશ્મીરીબાપુને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા બાપા સીતારામ ગૌ સેવા મંડળ દ્વારા વાંકાનેર પાંજરાપોળ દીવાનપરા ગૌશાળામાં ૧૦૨ મણ એટલે કે ૨૦૪૦ કીલો ઘાસચારો અર્પણ કરવામાં આવ્યો છે.

સમગ્ર કાર્યને સફળ બનાવવા માટે સમીરભાઈ કામદાર, હિરેનભાઈ કામદાર, હરેશભાઈ વીંછી, અશોકભાઈ ગજેરા, જયસુખભાઈ હરસોડા, કલ્પેશભાઈ મોડાસરા, રાજેશભાઈ બોધરાએ જહેમત ઉઠાવેલ હતી.

## વી.વી.પી. કોલેજના ચાર વિદ્યાર્થીઓનું રીલાયન્સમાં પ્લેસમેન્ટ



### પરીક્ષા તથા ઈન્ટરવ્યૂના કડક માપદંડમાં ઉત્તીર્ણ, સાડા સાત લાખ પગાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

વી.વી.પી. ઈલેકટ્રીકલના બે વિદ્યાર્થીઓ ભાવિન ધીરજલાલ સોંડાગર તથા વિશ્વા નિલેશભાઈ જોશી તેમજ મીકેનીકલના બે વિદ્યાર્થીઓ ઓમ જોશી તથા મયંક ધ્રાંસોટીયાની રીલાયન્સમાં પસંદગી થઈ છે. આ વિદ્યાર્થીઓ હજુ આઠમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહ્યા છે. અભ્યાસ દરમિયાન જ વિશ્વની સૌથી મોટી રીફાઈનરીમાં સાડા સાત લાખના પગારથી પસંદગી થતાં વી.વી.પી.નાં શ્રેષ્ઠ શિક્ષણ તથા વિવિધ શૈક્ષણિક-સહશૈક્ષણિક પ્રવૃત્તિઓના આયામોની ઉપયોગીતા તથા સફળતા સાબીત થઈ છે. વિશ્વની સૌથી મોટી રીફાઈનરીમાં વી.વી.પી.ના વિદ્યાર્થીઓની પસંદગી વિશે પ્રતિભાવ આપતાં આ ચારેય વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે વી.વી.પી.માં સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ છે.

જેમ કે દરેક સેમેસ્ટરના અંતે લેવાતી ટેકનીકલ નોલેજ ટેસ્ટ કે જેમાં જે-તે સેમેસ્ટરમાં વિષયદીઠ ૨૦ મલ્ટીપલ ચોઈસ પ્રશ્નોની પરીક્ષા દરેક સેમેસ્ટરના અંતે જે તે સેમેસ્ટરમાં વિષય દીઠ પ્રેકટીકલ પર્ફોમન્સ ટેસ્ટ દરેક સેમેસ્ટરમાં ત્રણ વખત જનરલ નોલેજ ટેસ્ટ અને મેન્ટલ એપ્ટીટયૂડ ટેસ્ટ દરેક સેમેસ્ટમાં ટેકનીકલ ઈવેન્ટ યુનિવર્સિટી સીલેબસ ઉપરાંત ટોપીકના લેકચર્સ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ-એલ્યુમ્ની-તજજ્ઞોના એકસપર્ટ લેકચર સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સેમીનાર પ્રેઝન્ટેશન વગેરેના કારણે કડક માપદંડો ધરાવતા રીલાયન્સના ત્રણ સ્ટેજમાં ઉત્તીર્ણ થયા.

રીલાયન્સમાં પ્લેસમેન્ટ માટે વી.વી.પીના પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ દેશકરના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ કમિટીના કન્વીનર ડો. જીજ્ઞેશભાઈ જોશી ઈલેકટ્રીકલ ડીપાર્ટમેન્ટ પ્લેસમેન્ટ કમિટીના સભ્યો પ્રો. દેવાંગભાઈ પરમાર પ્રો. અમિતભાઈ પાઠક મીકેનીકલ ડીપાર્ટમેન્ટના પ્લેસમેન્ટ કમિટીના સભ્યો ડો. જીતેનભાઈ માકડીયા પ્રો. સંકેતભાઈ પંડયા તેમજ ઈલેકટ્રીકલ તથા મીકેનીકલ ડીપાર્ટમેન્ટના તમામ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## હળવદના યુવાનનો મૃતદેહ ૨૦ કલાકે કેનાલમાંથી મળ્યો



(શિવ મયુર દ્વારા)

હળવદ, તા.૮

હળવદ તાલુકાના શકિતનગર નકલંક ટાઉનશીપમાં રહેતા અને મૂળ કોંઢના કલ્યાણપુર ગામના પ્રતાપભાઈ ધમાભાઈ ભુંભરીયા ( ઉં.૨૩) રવીવાર સવારના સાત વાગ્યાની આસપાસ દૂધ દેવા માટે ઘરેથી હળવદ જવા રવાના થયા હતા. જોકે બે કલાક વીતવા છતાં પણ યુવાન ઘરે પરત ન આવતાં પરિવારજનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. એવામાં યુવાનના દૂધ ભરેલા કેન સાથેનું બાઈક અને મોબાઈલ કોયબા રોડ પરથી પસાર થતી નર્મદા કેનાલ કાંઠેથી મળી આવ્યું હતું.

જેથી આ યુવાને કેનાલમાં ઝંપલાવ્યુ હોવાની આશંકા વચ્ચે પરિવારજનો દ્વારા હળવદના ટિકર ગામના તરવૈયાઓ અને તંત્ર ની મદદથી રવીવાર આંખો દિવસ દરમિયાન નર્મદા કેનાલમાં શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ યુવાનો કોઈ જ પત્તો લાગ્યો ન હતો. બાદમાં પરિવારજનો દ્વારા રાત્રિના સમયે વોટરપ્રુફ કેમેરાથી પણ નર્મદા કેનાલમાં શોધખોળ જારી રાખી હતી. તેવામાં રાતના દોઢેક વાગ્યાની આજુબાજુ પ્રતાપભાઈનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતક યુવાનનું અકસ્માત કેનાલમાં પડી ગયો હતો કે આત્મહત્યા કરી છે તે દિશામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે બીજી તરફ જુવાનજોધ દીકરાના અકાળે અવસાનથી પરિવારજનોમાં કાળો કલ્પાંત વ્યાપી ગયો છે. નાના એવા ગામમાં શોકનું મોજું ફરી વળ્યુ હતું.

## હળવદના મયુરનગર ગામે પરિણીતાનો આપઘાત

### દોઢ વર્ષની દીકરીએ માતાની છત્રછાયા ગુમાવતા પ્રસરેલી અરેરાટી



(શિવ મયુર દ્વારા)

હળવદ, તા.૮

હળવદ તાલુકાના મયુરનગર ગામે પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. ત્રણ વર્ષ પહેલાં જ પરિણિતાના લગ્ન થયા હતા.પરિણિતાને દોઢ વર્ષ ની દીકરી હતી. દીકરી એ માતાની છત્રછાયા ગુમાવી હતી.

મળતી માહિતી મુજબ હળવદ તાલુકાના મયુરનગર ગામે રહેતી પરિણીતા સરોજબેન નિકુલભાઇ દલવાડી સોમવારે બપોરે દોઢ બે વાગ્યાની આજુબાજુ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતાં આજુબાજુના લોકો તથા ગ્રામજનો ભેગાં થયાં ગયાં હતાં. સરોજબેન નિકુલભાઈ દલવાડી ત્રણ વર્ષ પહેલાં લગ્ન થયાનું જાણવા મળ્યું છે. અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. લાશને હળવદ સરકારી હોસ્પિટલ પીએમ અર્થે ખસેડાઈ હતી.હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં દલવાડી સમાજના આગેવાનો દોડી આવ્યા હતા. આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## આટકોટ પંથકમાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસ



### રસ્તા ભીના થયા, જીરૂના પાકને નુકસાન થવાનો ભય

(કરશન બામટા દ્વારા)

આટકોટ, તા.૮

આટકોટમાં આજે પણ જોરદાર ધુમ્મસ છવાયું હતું. દુર સુધી કંઈ દેખાતું ન હતું. આટકોટ સહિત આજુબાજુ વિસ્તારમાં આજે વહેલી સવારે થી જ ધુમ્મસની ચાદર છવાઈ જતાં રોડ પર કઈ દેખાતું ન હતું.

મોડે સુધી આ ઝાકળ જેવો માહોલ જોવા મળ્યો હતો. વાહનો લાઈટો ચાલું રાખી ચલાવી રહ્યા હતા. રસ્તા ભીના થયા હતા. જીરૂના પાકને નુકસાનની ભીતિ સેવાઈ હતી. નવ વાગ્યા સુધી સુર્યનારાયણ દર્શન થયા ન હતા.

### બાળકોએ ટીખળ કરતા ઘોડી ભડકી અને બબાલ સર્જાઈ

## આટકોટમાં લગ્ન પ્રસંગમાં ધોકા-પથ્થર ઉડ્યા

### વરરાજાને પણ ભાગવું પડયુંઃ મહિલા સહિત બે ઘાયલ



(કરશન બામટા દ્વારા)

આટકોટ, તા.૮

આટકોટના કૈલાશનગરમાં એક દેવીપૂજક પરિવારના આંગણે લગ્ન સમારોહ યોજવામાં આવ્યો હતો અને એ સમયે બાળકોની ટીખળમાં સામસામે માથાકૂટ થતાં મામલો બીચક્યો હતો. આ ઘટનામાં બે લોકોને સામાન્ય ઇજા પહોંચી હતી. આટકોટના કૈલાશનગરમાં એક દેવીપૂજક પરિવારમાં લગ્ન સમારોહ ચાલતો હતો. જેમાં કોઇ બાળકે ઘોડીનું પૂછડું મરડતાં ઘોડી ભડકી હતી અને તેના લીધે બાળકોના ઝઘડામાં મોટેરાઓ પણ કૂદી પડ્યા હતા. બન્ને પક્ષના લોકો સામસામા આવી ગયા અને પથ્થરવાળી થવા લાગતાં મામલો બીચક્યો હતો. આ ઘટનામાં બે લોકોને ઈજા પહોંચી. જેમાં એકને જસદણ હોસ્પિટલમાં અને એક મહિલાને રાજકોટ ખસેડાઇ હતી. વરરાજાને પણ ભાગી જવું પડયું હતું. વરરાજાની ગાડી પર પણ હુમલો થયાનું જાણવા મળ્યું હતું. પોલીસે તપાસ આરંભી ફરિયાદ નોંધવા તજવીજ આરંભી હતી. ગામમાં આ વાત વાયુ વેગે ફેલાઈ જતાં લોકો મા ભારે રમુજ ફેલાઈ ગઈ હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## અમદાવાદને હચમચાવનાર સીરીયલ બોમ્બ ધડાકા કેસમાં ૪૯ આરોપી દોષીત

કરી કોર્ટમાં હાજર કરાશે. આ તમામને ૩૦૨ અને ૧૨૦ હેઠળ દોષિત જાહેર કરવામાં આવ્યા છે. આજે આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર રાખવામાં આવ્યા હતા. તપાસમાં મદદ કરનાર આરોપીને છોડી મુકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૩૦૨ની કલમ હેઠળ આજીવન કેદ કે મૃત્યુ દંડની સજા આપવાની જોગવાઈ છે. ચુકાદાને લઈને સ્પેશિયલ કોર્ટની બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સૌપ્રથમવાર ચુકાદા સમયે અન્ય વકીલો, પક્ષકારોને કોર્ટમાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. પાર્કિંગમાં કાર સહિતનાં વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું છે. કોર્ટ સંકુલમાં ૧ ઉઈડ, ૨ અઈડ અને ૧૦૦ પોલીસકર્મી હાજર છે. કેસના વકીલોને જ કોર્ટમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેરમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. બ્લાસ્ટ મામલે ૧૧૦૦થી વધુ સાક્ષીઓની જુબાની લેવાઈ છે. ૫૦૦થી વધુ ચાર્જશીટ દાખલ થઈ છે. આ કેસમાં આઠ આરોપી હજુ ફરાર છે જે પૈકી કેટલાક પાકિસ્તાનમાં છે. કોર્ટમાં જજ એ.આર. પટેલે આ કેસનો ચુકાદો સંભળાવ્યો હતો. શહેરમાં ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ ૨૦ વિસ્તારમાં ૨૧ બોમ્બબ્લાસ્ટ થયા હતા, જેમાં ૫૬ લોકોનાં મોત અને ૨૦૦થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. બોમ્બબ્લાસ્ટના કેસમાં અમદાવાદમાં ૨૦ એફઆઈઆર, જ્યારે સુરતમાં ૧૫ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ કેસમાં કુલ ૯૯ આતંકવાદીને પ્રાથમિક તપાસમાં આરોપી ગણવામાં આવ્યા હતા. તે પૈકી ૮૨ આતંકવાદીની ધરપકડ કરાઈ હતી, જ્યારે આઠ આરોપી હજુ પણ ભાગેડુ છે. બ્લાસ્ટ કેસમાં જેલમાં રહેલા આરોપીઓને ૧લી ફેબ્રુઆરીના રોજ ચુકાદો આપવાનો હોવાની જાણ કરવામાં આવી હતી. બ્લાસ્ટ કેસનો ચુકાદો હોવાને પગલે કાંરજ પોલીસ દ્વારા સેશન્સ કોર્ટમાં નિરીક્ષણ કર્યું હતું. જ્યારે સારબમતી જેલમાં પણ બ્લાસ્ટના આરોપીઓને બેરેકમાં રાખવામાં આવ્યા હતા. જેલની સુરક્ષાની શહેર પોલીસ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈબીના અધિકારીઓએ પણ જેલ તથા કોર્ટ સંકુલમાં તપાસ કરી હતી.આ કેસમાં કાવતરા અને બ્લાસ્ટના આરોપી અયાઝ સૈયદ તાજના સાક્ષી બનીને કોર્ટમાં જુબાની આપી હતી. આ કેસમાં ૧,૧૬૩ સાક્ષીની જુબાની લેવાઇ ચૂકી છે, જ્યારે ૧,૨૩૭ સાક્ષીને સરકાર દ્વારા પડતા મુકાયા છે.

## ફરી એકવાર મુકેશ અંબાણીને પાછળ ધકેલી ગૌતમ અદાણી એશીયાના સૌથી સમૃધ્ધ ઉદ્યોગપતિ બન્યા

આકવામાં આવી છે. આ વર્ષે સૌથી વધુ સંપત્તીમાં વધારો મેળવનાર ઉદ્યોગપતિ ગૌતમ અદાણી રહયા છે. એક વર્ષમાં જ એમની સંપત્તીમાં ૧૨ અબજ ડોલર જેવો જંગી વધારો થયો છે. પોર્ટ, ખાણ-ખનીજથી માંડીને અનેક વ્યવસાયમાં અસાધારણ પ્રગતી મેળવનાર ગૌતમ અદાણીએ હવે રીન્યુએબલ ઉર્જા સેકટરમાં પણ જમ્પલાવી દીધુ છે. એરપોર્ટ, ડેટા સેન્ટર, સંરક્ષણના કોન્ટ્રાક સહિત તેઓ વ્યવસાયનું ચારે તરફ વિસ્તરણ કરી રહયા છે. એકધારી પ્રગતિને કારણે છેલ્લા બે વર્ષથી અદાણી ગ્રૃપના શેરોમાં ૬૦૦% જેવો ભાવ વધારો નોંધાયો છે. વધુને વધુ કંપનીઓ અદાણી ગ્રૃપમાંથી શેરબજારમાં લીસ્ટ થઇ રહી છે. ૨૦૨૦ની સાલ અંબાણીની રહી હતી પણ એ પછી ફરી વખત પલ્લુ ગૌતમ અદાણીની તરફેણમાં ઝુંકી ગયું છે. હવે અદાણી ગ્રૃપ ૨૦૩૦ સુધીમાં શુધ્ધ ઉર્જા સેકટરમાં ૭૦ અબજ ડોલરનું રોકાણ કરનાર છે.(૨.૧૧)

## રિસામણે બેઠેલી પરિણીતાને ચડત ભરણ પોષણની રકમ નહી ચૂકવનાર પતિને કોર્ટે કુલ 330 દિવસની સજાનો હુકમ ફરમાવવામાં આવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૮

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા અનસુયાબેન મયુરભાઇ અગ્રાવતને ત્રણ સગીર સંતાનો સાથે તેમના પતિ મયુરભાઇ નારણદાસ અગ્રાવતે (રહે. રાજકોટ)એ અકારણ ત્યાગ કરતા અનસુયાબેન અગ્રાવતે તેમના પતિ મયુરભાઇ નારણદાસ અગ્રાવત વિરૂધ્ધ ફેમીલી કોર્ટમા પોતાનું અને સગીર સંતાનોનું ભરણ પોષણ મેળવવા અરજી કરી હતી. જેમા ફેમીલી કોર્ટે વચગાળાનો તથા ભરણ પોષણનો માસિક રૂા. ૭,૦૦૦ અરજીની તારીખથી ચુકવવા હુકમ કર્યો હતો. જે હુકમ અન્વયે અનસુયાબેન અગ્રાવતે તેમના પતિ મયુરભાઇ અગ્રાવત વિરૂધ્ધ ચડત ભરણ પોષણ મેળવવા માટે રાજકોટના ફેમીલી કોર્ટમાં અલગ અલગ બે અરજીઓ કરી હતી. જે અરજીઓમા નોટીસ તેમના પતિને ધોરણસર બજી ગયેલ હોવા છતા તેમના પતિ અદાલતમાં હાજર રહેતા ન હોય અને તેઓની વિરૂધ્ધ રિકવરી વોરન્ટ પણ કાઢવામા આવેલ અને પુરતા પ્રયત્ન છતા તેમના પતિને રિકવરી વોરન્ટ બજી શકતુ ન હોય અને તેમના પતિ જાણી જોઇને વોરન્ટની બજવણી ટાળી રહ્યા હોય તેવુ કોર્ટને ધ્યાનમાં આવતા અને અનસુયાબેનના વકીલની રજુઆતો ધ્યાને લઇને કોર્ટે મયુરભાઇ અગ્રાવતને ૫ માસના કુલ રૂા.30 હજાર નહીં ભરવા બદલ ૭૫ દિવસની અને બીજી અરજી અન્વયે ૧૭ માસના રૂા. ૧,૦૨,૦૦૦ નહી ચુકવવા બદલ ૨૫૫ દિવસની આમ કુલ મળીને ૩૩૦ દિવસની કેદની સજા ફરમાવવામા આવી છે. આ કેસમાં અરજદાર અનસુયાબેન અગ્રાવત વતી એડવોકેટ હેમાંગ જાની અને સુબોધ મહેતા રોકાયા હતા.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટ પોલીસનો ભ્રષ્ટ્રાચાર ખુલ્લો પાડવા ગુરૂવારે કોંગ્રેસનો લોકદરબાર

જાહેર નહિ કરવામાં આવે તે માટે ભાનુભાઈ મો.નં. ૯૪૨૬૨ ૨૪૬૧૨ પર સંર્પક કરી શકે છે. રાજકોટ પોલીસે અગાઉની ભાજપ સરકારના પદાધિકારીઓનાં ખોટા કામ કરી પોતે અને પદાધિકારીઓને વ્હાલા થઈ લોકોને પરેશાન કરી ભ્રષ્ટ્રાચાર બેફામ આચર્યો છે. કોગ્રેસના આગેવાનોએ જણાવ્યુ છે કે જેમની પાસે લોકોની આશા અને અપેક્ષા છે એ રાજકોટ પોલીસ અને તેના વડા જ ભ્રષ્ટ્રાચારમાં ડુબેલા છે. લોકડાઉનમાં ઈ-મેમો ઉઘરાણા મારફત લોકો પર માનસિક ત્રાસ ગુજાર્યો હતો. લોકોની ઉઘરાણી પતાવવા કમિશ્નર લવાદ રહયા છે. મંડળીઓ પાસેથી પણ કરોડો રૂપિયા ઉઘરાવતા રહયા હોવાની ફરિયાદો મળી છે. ભાજપ ભ્રષ્ટ્રાચારી પોલીસ અધિકારીઓને છાવરે છે. ત્યારે રાજકોટના કોંગ્રેસના ઓવાનોએ પોલીસનો ભોગ બનેલા લોકો માટે લોકદરબારનું આયોજન કર્યુ છે. ભાજપના ભ્રષ્ટ્રાચાર સામે કોંગ્રેસ આગામી દિવસોમાં લડત ઉગ્ર બનાવશે. તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧૫)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## રાજકોટ પહેલા મોરબી જિલ્લા પોલીસમાં મોટાપાયે ફેરબદલ

ઝાલાની વાંકાનેર તાલુકા, રતિલાલ ગરચરની માળિયા, યુવરાજસિંહ જાડેજાની મોરબી તાલુકા, જયવંતસિંહ ગોહિલની એએચટીયુ, ટંકારામાં ફરજ બજાવતા શૈલેષભાઇ હૈણની મોરબી સિટી બી ડિવિઝન, હિતેશ કુમાર ચાવડાની મોરબી સિટી એ ડિવિઝન, જયદેવસિંહ ઝાલાની માળિયા, ક્યુઆરટીમાં રહેલા જયેશ માણસૂરિયાની વાંકાનેર તાલુકા, માળિયામાં ફરજ બજાવતા સંજયભાઈ સામતીયાની હળવદ અને એલસીબીમાં ફરજ બજાવતા સંજયભાઈ મૈયડની ટંકારામાં બદલી કરવામાં આવી છે.

## 'ભ્રષ્ટાચાર બંધ કરો' સહિતના સુત્રોચ્ચાર સાથે રોષભેર ધરણા

# રાજકોટમાં ફરી વિરોધ પ્રદર્શનઃ ૨૯ કોંગી કાર્યકરોની અટકાયત

### 'ક્રાઈમ બ્રાન્ચ હવે હવાલા બ્રાંચ' જેવા સુત્રો લખેલા બેનરો સાથે કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો દ્વારા હલ્લાબોલ

### 'અમને નહીં, ભ્રષ્ટાચારીઓને પકડો' નો કોંગ્રેસનો આક્રોશઃ જિલ્લા પંચાયત ચોક ખાતે ભારે ધમાલ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

રાજકોટમાં પોલીસ કમિશનર વિરૂધ્ધ આજે બીજા દિવસે પણ શહેર કોંગ્રેસ દ્વારા જીલ્લા પંચાયત ચોક ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં 'ભ્રષ્ટાચાર બંધ કરો' ના નારા લગાવતા શહેર કોંગ્રેસ ના ૨૯ આગેવાનો-કાર્યકર્તાઓની અટકાયત કરી હેડક્વાર્ટર લઈ જવામાં આવ્યા હતા.

રાજકોટમાં પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલે ખાનગી બિલ્ડર પાસેથી રૂ.૭૫ લાખ કટકટાવ્યા હોવાનો ખુદ ભાજપના જ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે આક્ષેપ કર્યો છે ત્યારે લાખોના ભ્રષ્ટાચાર સંદર્ભે આજ રોજ રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા બીજા દિવસે પણ જીલ્લા પંચાયત ચોક ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. જેમાં 'ભ્રષ્ટાચાર બંધ કરો' ના નારા અને રક્ષક જ બન્યા ભક્ષક, વાડ જ ચીભડા ગળે, રાજકોટ પોલીસ કમિશ્નર ગુનાઓ અટકાવવાને બદલે ગુનાઓ કરે, હવાલા ગીરી બંધ કરો તેમજ રાજકોટ પોલીસ ની ક્રાઈમ બ્રાંચ હવે હવાલા બ્રાંચ ના બેનરો સાથે શહેર કોંગ્રેસ દ્વારા જીલ્લા પંચાયત ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, કાર્યકારી પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, મનપાના વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ અધ્યક્ષા ગાયત્રીબા વાઘેલા, ભાર્ગવભાઈ પઢીયાર, દિપ્તીબેન સોલંકી, દિનેશભાઈ મકવાણા, દેવેન્દ્ર સિંહ ગોહિલ, હાર્દિકસિંહ પરમાર, દિલીપભાઈ આશવાણી, સંજયભાઈ અજુડિયા, વાસુભાઈ ભંભાણી, મુકેશભાઈ પરમાર, જયેશભાઈ રાછડિયા, દાનાભાઈ હુંબલ, પ્રભાતભાઈ ડાંગર, અર્જુનભાઈ ગુજરિયા, દેવેન્દ્રસિંહ રાણા, તુષિતભાઈ પાનેરી, કૃષ્ણદતભાઈ રાવલ, ચંદ્રિકાબેન વરાણીયા, હિરલબા રાઠોડ, મનીષાબા વાળા, નારણભાઈ હીરપરા, સુરેશભાઈ ગરેયા, ઠાકરસીભાઈ ગજેરા, હિતેશભાઈ હિમાલય રાજ રાજપૂત સહિતના જેમાં શહેર કોંગ્રેસ ના ૨૯ આગેવાનો-કાર્યકર્તાઓની અટકાયત કરી હેડક્વાર્ટર લઈ જવામાં આવ્યા હતા.

---

### પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કાલે રાજકોટમાં

# શહેર મહિલા મોરચાની શુભેચ્છા બેઠક યોજાશે

### કાલે સવારે ૯:૩૦ કલાકે રાણીંગા વાડી ખાતે શહેર ભાજપ મહીલા મોરચાના અપેક્ષીત શ્રેણીના બહેનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા કિરણબેન હરસોડા, લીનાબેન રાવલ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

શહેર ભાજપ મહીલા મોરચાના મહામંત્રી કિરણબેન હરસોડા અને લીનાબેન રાવલની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે આવતીકાલે તા.૯/૨ના બુધવારે સવારે ૯:૩૦ કલાકે શહેરની રાણીંગા વાડી, કાન્તાસ્ત્રી વિકાસ ગૃહ રોડ ખાતે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દીપીકાબેન સરડવાની ઉપસ્થિતિમાં રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાની શુભેચ્છા બેઠક યોજવામાં આવશે.

આ બેઠકમાં આગામી સમયમાં આવનારી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને તેમજ મહીલા મોરચાની સંગઠનાત્મક બાબતો વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. તો આ બેઠકમાં શહેર ભાજપ મહિલા મોરચાના અપેક્ષીત શ્રેણીના બહેનોને સમયસર ઉપસ્થિત રહેવા શહેર ભાજપ મહીલા મોરચાના મહામંત્રી કિરણબેન હરસોડા અને લીનાબેન રાવલએ અનુરોધ કર્યો છે.

---

# સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન હનુમાનજીને દિવ્ય શૃંગાર



સાળંગપુરઃ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને મંગળવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી એવં કોઠારી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી પૂજારી સ્વામી દ્વારા શ્રી કષ્ટભંજનદેવને વાઘાનો દિવ્ય શણગાર ધરાવી મંગળા આરતી-શણગાર આરતી કરવામાં આવી હતી. અનાદિ અક્ષર સદ્ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીના ૨૪૧ માં પ્રાગટ્ય દિન નિમિતે વિશેષ પૂજનનો પ્રારંભ સવારે ૬ કલાકે પવિત્ર બ્રાહ્મણ દ્વારા વૈદિક મંત્રો દ્વારા કરેલ. જેમાં વિવિધ પ્રકારના ફુલ-હાર, ગોળ, ફળ ધરાવવામાં આવેલ હતો. પૂજન-અર્ચન-કિર્તન કર્યા બાદ આરતી કરવામાં આવી હતી તેમજ મારૂતિયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ હતું. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવી હતી.

---

# દારૂની હેરફેરના કેસમાં પોલીસમેનના નિર્દોષ છુટકારાના હુકમ સામે સરકારની અપીલ નામંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

પોલીસ હેડકવાર્ટરમાં રહેતા રામચંદ્ર ઉર્ફે ડોન કિન્નુરદાસ સ્વામીની ગાડીમાં દારૂનો જથ્થો પકડાતા નોંધાયેલ ફરીયાદના કામે પોલીસમેન તથા તેના સાગ્રીતને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ સામે સરકાર પક્ષેથી કરાયેલ અપીલ સેશન્સ અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે.

આ કેસની હકીકત એવી છે કે, તા.૧૪/૭/૨૦૧૮ ના રોજ પોલીસ હેડ કવાર્ટરમાં રહેતા અને પોલીસ કોન્સ્ટેબલ રામચંદ્રભાઈ ઉર્ફે ડોન કિન્નુરદાસ સ્વામીની મારૂતિ અલ્ટો ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મળેલ હતો. આરોપી પોલીસ કોન્સ્ટેબલના ઘર પાસે તેમની ગાડીમાં મળી આવેલ દારૂના જથ્થા અંગે ખરાઈ કરતા પોતે દારૂ વેંચતો હોવાની કબૂલાત આપેલ હતી. તેમજ આરોપી પોલીસ કોન્સ્ટેબલ હોય બનાવ સમયે તેઓ તેની ફરજ પર પ્ર.નગર પોલીસ સ્ટેશન હેઠળ રથયાત્રાના બંદોબસ્તમાં હતા, બાદમાં ગુન્હાના કામે પોલીસ કોન્સ્ટેબલ રામા સ્વામી તથા પરસોતમ ગોસ્વામીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર પછી તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીઓ અદાલતમાં ચાર્જશીટ ફાઈલ થયું હતું. આ કેસ ચાલતા આરોપી વતી એડવોકેટ રીપન ગોકાણી મારફત પંચો તથા સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ કરી એવો બચાવ લેવામાં આવેલ કે બનાવ વખતે પોલીસ કોન્સ્ટેબલ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં રથયાત્રા બંદોબસ્તમાં હાજર હતા, તેમજ ગોકાણી સર્વોચ્ચ અદાલત તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદા રજુ કરેલ હતા. તેમાં મેજિસ્ટ્રેટ અદાલત દ્વારા સમગ્ર પુરાવાનું મલ્યાંકન કર્યા બાદ રામચંદ્ર ઉર્ફે ડોન કિન્નુરદાસ સ્વામી તથા તેના સાગ્રીત પરષોતમગીરી બાબુગીરી ગોસ્વામીનો કેસ પ્રોસિકયુશન સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું ઠરાવી બન્ને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ હતો.

નીચલી કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુક્યા સામે સરકાર દ્વારા રાજકોટની સેશન્સ અદાલતમાં અપીલ કરી હતી, આ કેસમાં સરકાર પક્ષે એવી દલીલ કરેલ હતી કે નીચેની અદાલતે ફરિયાદ પક્ષનો પુરાવો ધ્યાને લીધા સિવાય આરોપીઓને નિર્દોષ છોડી મુકતો હુકમ કરેલ છે. જયારે બન્ને આરોપીઓ વતી રીપનભાઈ ગોકાણીએ એવી દલીલ કરી હતી કે આરોપીઓ સામે જે કલમો લગાડવામાં આવેલ છે, તે કલમોના કોઈ આવશ્યક તત્વો પુરવાર થતા નથી, તેમજ સરકાર પક્ષ દ્વારા જે સાહેદો તથા પંચો પ્રોસીકયુશનના કેસને જરૂરી સમર્થન કરતા નથી. તેમજ સર્વોચ્ચ અદાલત તેમજ હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરેલ હતા.

ઉપરોક્ત બન્ને પક્ષોની દલીલો તેમજ નીચેના કોર્ટનું રેકર્ડ તેમજ આરોપીઓ પક્ષે રજુ કરવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લઈને સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓને છોડી મુકવાનો નીચલી કોર્ટનો હુકમ કાયમ રાખેલ હતો.

આ કામમાં આરોપીઓ વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, ઈશાન ભટ્ટ, વિરમ ધ્રાંગીયા રોકાયા હતા.

---

# હળવદ નજીક અકસ્માતમાં યુવાનનું મોત



### બાઈક લઈને જતી વખતે ટ્રેલર ચાલકે ઠોકર મારી

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૮

હળવદ માળીયા હાઈ-વે પર હોન્ડા શોરુમ પાસે બાઇક અને ટેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કાળ બનીને દોડતા ટેલરના ચાલકે બાઈક ચાલક યશ જયંતીભાઈ કણઝારીયા( રહે.ખારીવાડી હળવદ)ને અડફેટે લીધો હતો. અકસ્માતને પગલે બાઈક ચાલક યુવાનને માથાના ભાગે ગંભીર ઇજા પહોચી હતી જેમાં તેનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું.

આશાસ્પદ યુવાનનું મોત નિપજતા પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. બીજી તરફ હાઇ-વે પર અકસ્માત સર્જાતા અંદાજીત એક કિલોમીટર સુધી વાહનોના થપ્પા લાગતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માત બાદ ટેલર ચાલક ટેલર મૂકીને નાશી ગયો હતો.

અકસ્માતના બનાવની જાણ થતાં હળવદ પીઆઇ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ઘટનાની જાણ થતા ૧૦૮ હળવદની ટીમ અને દલવાડી સમાજનાં આગેવાનો દોડી આવીને મૃતકના મૃતદેહને પીએમ માટે હળવદ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે વધુ તપાસ હળવદ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

---

# ઘેલા સોમનાથ મહાદેવને માતા પાર્વતીજીનો શૃંગાર



**(બ્રિજેશ વેગડા દ્વારા)**

સૌરાષ્ટ્રના પાંચાળના પરગળે બિરાજમાન ઘેલાસોમનાથ મહાદેવને માતા પાર્વતીના શણગાર કરાવ્યા હતા. સોમવારના પખાલ બાદ બપોરના સુંદર શિવાલય પર માતા પાર્વતી આબેહૂબ દર્શનીય શણગાર સાથે શોભ્યા હતા પૂજારી હસુભાઈ જોશી દ્વારા શણગાર દર્શન સોશિયલ મીડિયા મારફત મુકાતા લાખો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

---

# જસદણમાં આરટી-પીસીઆર લેબ શરૂ

### ધારાસભ્ય કુંવરજી બાવળીયા દ્વારા લોકાર્પણ, આરોગ્ય તંત્ર અને લોકોને રાહત



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૮

જસદણમાં આરટીપીસીઆર લેબ અત્યાર સુધી ન હોવાથી કોરોના રિપોર્ટ માટે છે ક રાજકોટ સુધી જવું પડતું હતું અને રિપોર્ટ પણ મોડા આવતાં હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો પણ આરોગ્ય તંત્ર દ્વારા મુકાયેલ લેબ ધારાસભ્ય કુંવરજીભાઇએ ખુલ્લી મુકતા જસદણ અને વિંછીયા તાલુકાના લોકોમાં ખુશાલીના ઘોડાપુર ફરી વળ્યાં હતાં. જસદણ વિંછીયા તાલુકાના લોકોને કોરોના પરીક્ષણની લેબ જસદણમાં ન હોવાથી લોકોને રિપોર્ટ માટે બે દિવસની રાહ જોવી પડતી હતી. અને તંત્રને પણ સેમ્પલ મોકલવાનો ખર્ચ વધી જતો અને સમય પણ વધું ખર્ચાતો હતો.

ત્યારે આ લેબ ખુલ્લી મુકાતા દરેક સમસ્યાઓનો અંત આવ્યો હતો. દરમિયાન સામાજિક કાર્યકર પટેલ હરિભાઈ વેલજીભાઈ હિરપરાએ જણાવ્યું હતું કે જસદણ સરકારી હોસ્પિટલનો ગ્રેડ તો અપ થયો છે પણ હજું જરૂરી ડોકટર સાધન દવાઓથી લોકો હજું વંચિત છે ત્યારે આ કાર્ય તંત્ર ઝડપભેર કરાવે એમ અંતમાં જણાવ્યું હતું.

---

# શહેરમાં ૫૦ લાખના ચરસના જથ્થા સાથે પકડાયેલા આરોપીએ ચાર્જશીટ બાદ કરેલી જામીન અરજી અદાલતે ફગાવી દીધી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

આ કેસની હકીકત મુજબ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ બાતમીના આધારે જંગલેશ્વર વિસ્તારમાં આવેલા કનૈયા ચોકમાં રહેતા રફીકમેમણ હબીબભાઈને ૫૦ લાખની કિંમતના પાંચ કિલો ચરસના જથ્થા સાથે ઝડપી લીધો હતો. જે કેસ એનડીપીએસની સ્પેશિયલ કોર્ટમાં ચાલવા પર આવતા આરોપી રફીકમેમણએ જામીન મુક્ત થવા જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષના વકીલોની રજૂઆતો અને દલીલોને ધ્યાને લઇ એનડીપીએસની સ્પેશિયલ કોર્ટે ચરસના જથ્થા સાથે ઝડપાયેલા આરોપી રફીકમેમણની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ આબિદ સોસણ રોકાયા હતા

---

# જામનગરના સ્લમ વિસ્તારોમાં પ્રોજેક્ટ મુસ્કાન



### ૧૦૧ દીકરીઓને સેનેટરી પેડ વિતરણ, શારીરિક સ્વચ્છતા અંગે માર્ગદર્શન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૮

તાજેતરમાં પ્રધાનમંત્રી આવાસના કવાટર્સ, ગુલાબનગર, જામનગર ખાતે ૧૦૧ બહેનો દીકરીઓને પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત નિઃશુલ્ક સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવેલ. જેમાં નાંમાંકીત ગાયનોકીલીજીસ્ટ ડો. દિપ્તી જોશી દ્વારા કિશોરીઓને શારીરિક સ્વતચ્છતા વિષે માર્ગદર્શન પણ અપાયું હતું.

વોર્ડ નં.૧૧ ના મહિલા કોર્પોરેટર દક્ષાબેન અગ્રાવત ખાસ હાજર રહેલ અને દરેક દીકરીઓને શુભેચ્છા સંદેશ આપેલ. ત્યાર બાદ દરેક મહેમાનોના હસ્તે બહેનો દીકરીઓને પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મેંગોપીપલ પરીવારના મનીષભાઈ રાઠોડ, રૂપલબેન રાઠોડ, નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ રાઠોડ, આશાબેન રાઠોડ ઉપરાંત ભાવનાબેન મહેતા, વિરલબેન વસાણીએ જહેમત ઉઠાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૮ વર્ષથી ઝુપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે . ઉપરાંત છેલ્લા ૩.૫ વર્ષથી પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા સ્લમ વિસ્તારોની બહેનો દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આવા સતકર્મોમાં સહભાગી થવા માટે અને સંસ્થાની વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (મો.૯૨૭૬૦૦૭૭૮૬) નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

---

# અવસાન નોંધ

રાજકોટઃ સ્વ.વેલજીભાઈ રાઘવજીભાઈ પરમારના પત્ની, સ્વ.કુસુમબેન, ચેતનભાઈ, કેતનભાઈના માતા તેમજ મેઘા, જય, રાજ, પુનમબેનના દાદી, સ્વ.અંબાબેન વેલજીભાઈ પરમારનું તા.૫ ને શનિવારના રોજ અવસાન થયું છે. સદ્ગતનું ટેલીફોનીક બેસણું તા.૧૦ ને ગુરૂવારે બપોરે ૪ થી ૬ રાખેલ છે કેતનભાઈ વેલજીભાઈ પરમાર ૯૪૨૮૮૯૨૩૨૯ ચેતનભાઈ વેલજીભાઈ પરમાર ૯૪૨૬૧૬૫૭૧૩

---

# રાજુલામાં હાઈ-વેના કામ મુદ્દે આંદોલનની ચિમકી

**(અજય શિયાલ દ્વારા)**

રાજુલા, તા.૮



રાજુલાથી પસાર થતાં ભાવનગર સોમનાથ નેશનલ હાઇ-વે ફોરલેન માટે છેલ્લા ૭ વર્ષથી વધુ સમયથી કામ ચાલી રહ્યું છે છતાં પણ પૂર્ણ થયું નથી. બીજી તરફ આ નેશનલ હાઈવે પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે અને ધૂળની ડમરીઓ ઉડી રહી છે. તેનાં કારણે વાહનચાલકોને ભારે નુકસાની થઇ રહી છે. અવાર-નવાર અકસ્માત પણ થઈ રહ્યા છે. ત્યારે રાજુલા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ગાંગાભાઈ હડિયા દ્વારા ભાવનગર નેશનલ હાઈવે ઓથોરિટીનાં અધિકારીને પત્ર લખીને ચિમકી ઉચ્ચારી હતી કે આગામી ૭ દિવસોમાં જાફરાબાદ તાલુકાના ચારનાળાથી રાજુલા તાલુકાના દાતરડી સુધીનાં નેશનલ હાઇ-વેની રિપેરિંગ કામગીરી ચાલુ કરવામાં નહીં આવે તો રાજુલાનાં ધારાસભ્ય અંબરીષભાઈ ડેરની હાજરીમાં કોંગ્રેસનાં કાર્યકરો દ્વારા નેશનલ હાઇ-વે પર રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે.

## યુવા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલા અને રાજકોટ શહેર ઉપપ્રમુખ મયુર વાંકના આક્ષેપ

# અસિત વોરાનું રાજીનામુ ઉકેલ નથી, સરકાર આખી સિસ્ટમ બદલે

## અસિત વોરાના કાર્યકાળમાં અનેક કૌભાંડો બહાર આવ્યા, તે તમામની તપાસ કરાવીને કાયદાકીય પગલા ભરવા માંગ

## ચેરમેનના રાજીનામાથી હવે પેપરલીક નહીં થાય તેની જવાબદારી કોણ લેશે? જેવા યુવા કોંગ્રેસે વેધક સવાલ ઉઠાવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની હેડ ક્લાર્કની ભરતી માટેની પરીક્ષાનું પેપર ફૂટયા બાદ GSSSBના ચેરમેન અસિત વોરાના રાજીનામાની ઉગ્ર માંગ ઉઠી હતી. પરંતુ આ પેપરકાંડના બે મહિના બાદ છેક હવે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું ત્યારે યુવા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલા અને શહેર યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ મયુર વાંકે સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે અસિત વોરાના કાર્યકાળ દરમિયાન અનેક કૌભાંડો સામે આવ્યા, પરંતુ હજુ સુધી નાની-નાની માછલીઓને જ પકડવામાં આવી છે, મોટા મગરો હજુ પણ પોલીસ પકડથી દૂર છે. માત્ર રાજીનામું લઈ લેવું તેનો ઉકેલ નથી, જો અસિત વોરા પેપર લીક કાંડમાં સંડોવાયેલા હોય તો તેમની પણ તપાસ થવી જ જોઈએ અને કડક કાયદાકીય પગલા લેવાવા જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ નિર્ણય મોડો લેવાયો છે, વિદ્યાર્થીઓના ભાવિ સાથે હવે કોઈ પણ સંજોગોમાં ચેડા ના થવા જોઈએ. અત્યાર સુધી રાજનેતાઓ જેને છાવરવાની નીતિ અપનાવી રહ્યાં છે, તેમાંથી બહાર આવવું જોઈએ.હવે એવી આશા રાખી કે આ પદ પર એવા IAS કક્ષાના અધિકારી બેસે, જે વિદ્યાર્થીઓની વેદનાને સમજે. હજુ સુધી વ્યક્તિ બદલાયો છે, હવે અમે સિસ્ટમ બદલવા માંગીએ છીએ. આ પદ પર ગુજરાતના યુવાનો કોઈ રાજકારણીની નિમણૂંક ઈચ્છતા નથી.

ભુતકાળમાં પેપરલીકના કારણે રદ થયેલી બિનસચિવાલયની પરીક્ષાના કંટાળેલા ૧૨ લાખ ઉમેદવારોનો આક્રોશનો ભોગ આવનારી ચુંટણીઓમા ના બનવું પડે એટલે સરકારે ધરાર રાજીનામુ લીધુ છે. રાજયમાં બેરોજગારીનો દર દીવસે ને દીવસે વધી રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર યુવાનોને રોજગારી પૂરી પાડવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. પરંતુ ગુજરાતના શિક્ષિત બેરોજગાર લાખો યુવાનો આવનારી વિધાનસભાની ચુંટણીઓમા ભાજપ સરકારને ઘરભેગી કરશે કારણે કે તેઓની સાથે થયેલ અન્યાયનો જવાબ યુવાનો આપશે એ નિશ્ચિત છે.





પાડોશી રાજ્ય રાજસ્થાનની કોંગ્રેસ સરકારે REET પેપર લીકમાં મુખ્યમંત્રી અશોક ગેહલોતના સુચનાથી પોલીસે ભરતી બોર્ડના અધ્યક્ષની ત્યાં દરોડો પાડી તત્કાલ હક્કાલપટ્ટી કરી હતી તેમજ જવાબદાર ૧૬ અધિકારીઓને ઘરભેગા કર્યા છે. ગુજરાતની ભાજપ સરકાર 'આશ્રિત' વોરાને ખોળામાં બેસાડી પંપાળી રહી હતી. માત્ર ચેરમેનના રાજીનામાથી પેપરલીક નહીં થાય તેની શું જવાબદારી? હજુ મોટા માથાઓ તો એમ ને એમ જ છે ને ? સરકાર શા માટે મગરમચ્છોને છાવરે છે ? આ આયોગના અમુક એજન્ટ કર્મચારીઓ, વિવાદીત પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાની પદ્ધતિઓ પણ બદલવી જોઈએ તો જ પારદર્શકતા જળવાઈ રહેશે. સરકાર કડકાઈપુર્વક વલણ દાખવશે તો ભવિષ્યમાં આવા બનાવ બનતા અટકશે. નહીં તો મોટામાથાઓ બચી જશે અને માછલીઓ પકડાઈ જશે!

અંતમાં યુવાનેતાઓએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં યુવા કોંગ્રેસ રાજ્યના છેવાડાના ગામે ગામ સુધી પહોંચી શિક્ષિત બેરોજગાર યુવાનોની નોંધણી કરી ગાંધીનગર ખાતે નસ્ત્ર સરકારી ભરતીઓની પરીક્ષાઓમાં પારદર્શકતા આંદોલન અને યુવા માંગે રોજગાર સંમેલનનુ આયોજન કરીને સરકારનો વિરૂધ્ધમાં રાજયવ્યાપી આંદોલન કરશે. તેવી ચીમકી આપી છે.

# 'આત્મમંથન'

## મને તારાં વિના નહીં ચાલે..

આ વાંચવું સરળ છે / હશે પણ બોલવું એટલું જ અઘરું છે, કેમ ખબર છે? આ બોલવાં માટે સાવ સાફ દિલ જોઈએ, સરળતા જોઈએ અને એનાથીય વધું કોઈનાં માટે અનહદ પ્રેમ જોઈએ.

આજકાલ અનહદ પ્રેમ એટલે રોઝ ડે નાં દિવસે અપાતું મોંઘુ ગુલાબ, ચોકલેટ ડે નાં દિવસે અપાતી કેડબરીની હાર્ટ પોપઅપ સિલ્ક, સૌ..થી મોટું ટેડી બેર..આ બધાં માટે પાછાં ખાસ દિવસો પણ ખરાં.. આ બધાથી ઉપર કોઈ ઘરેણું કે પછી પરફ્યુમ, કોઈ ફોન કે પછી કોઈ કાર , ફોરેનની ટુર પણ આપી શકાય અને આ બધાં પરથી પ્રેમ કેટલો ઊંડો છે એ માપી શકાય, છે ને મજાનું?

શું કોઈનાં પ્રેમને બ્રાન્ડ ટરથી આંકી શકાય? શું કોઈનાં પ્રેમને પૈસાથી તોળી શકાય? શું એકાદી ગઝલ કે એકાદો શેર? ના બાબા ના, સાચો પ્રેમ ભલભલાને બકરી બનાવી શકે છે પણ આજકાલ લોકો બકરી નથી બનતાં.. બધાં જ શેર છે, બધાંને જ શેર રહેવું છે કારણ? આજકાલ લોકો ઈગો - અહમથી લપેટાયેલા પ્રેમનાં એકાદા તણખાને આખેઆખો પ્રેમ માની બેસે છે. જ્યારે જ્યારે પ્રેમને આગળ કરવાનો આવે, પેલો અહમ આગળ આવે અને એ અહમની આગમાં પ્રેમનો તણખો ધીરે ધીરે બુઝાતો જાય છે. અંતે તણખો બુઝાઈ જાય છે અને પેલો અહમ રહી જાય છે બરકરાર, ધરાર...

કેમ નથી કહી શકતા આપણે એને કે 'મને તારાં વગર નહીં ચાલે..'



(મમતા પટેલ-મુંબઈ)

કેમ દાવ પર હંમેશા પ્રેમ મુકાય છે? છે કે નથી? કેમ અહમને આગળ નથી ધકેલાતો? કેમ એ છે માંથી હતો નથી થઈ જતો?

હમણાં હમણાં કોલેજ શરૂ થઈ છે, એક કોલેજના બસ સ્ટોપ પર ઉભું રહેવાનો અવસર મળ્યો, અવસર જ કહેવાય, બે વર્ષથી બસ સ્ટોપ પર કા તો બસના હોય કાં તો કોલેજ સ્ટુડન્ટ્સના હોય પણ એ દિવસે બધું હતું એટલે એને અવસર જ કહેવો પડે, બસ આવી, બધાં ચડ્યા, માંડ ચાર પાંચ જણા જ, મને પેલાં બે કોલેજ સ્ટુડન્ટ્સ જેમાં એક છોકરો હતો અને એક છોકરી એની વાતો સાંભળવાનો પણ અવસર મળ્યો , 2 x અવસર..

'હવે ક્યાં સુધી છુપાવીશુ?'

છોકરી, આપણે એને ડોલી કહીશું, ડોલી ઉવાચ..

તમે એક વસ્તુ માર્ક કરજો, બાકી બધી વાતમાં ધીમીમાં ખપતી છોકરીઓ પ્રેમની બાબતમાં બહું ઉતાવળી હોય છે, કબુલ કરવામાં, કહી દેવામાં વગેરે વગેરે અને બધી વાતમાં ઉધમ મચાવતો છોકરો આપણે એને પીન્ટુ કહીશું એ પ્રેમમાં પડતાં જ ધીમો પડી જાય,

જ્યાં સુધી ડોલી લપેટમાં ના આવે ત્યાં સુધી લંગસ નાંખ્યા કરે, નાંખ્યા કરે પણ જેવી ખાતરી થઇ જાય કે ડોલી આપણી થઈ ગઈ કે પત્યું, ઠાગાઠૈયા શરૂ થઈ જાય.



'કહીશુ, શું ઉતાવળ છે?'

મેં બારી બહાર જોવાને બહાને ડોલીના ચહેરા પરની વ્યગ્રતા નોટિસ કરી.

ચાર વર્ષ થઈ ગયાં, એમાંય આ બે વર્ષ તો.. પીન્ટુ એ ડોલીની સામે જોયું, જાણે સંમત થતો હોય પણ જવાબમાં કશું ના આવ્યું.

ડોલી અકળાઈ, 'તું સાચ્ચે મને લવ કરે છે ને?'

જવાબમાં ધમાકેદાર 'હા' ની આશા રાખીને બેઠેલી ડોલીએ આ શું સાંભળ્યું? 'તને શું લાગે છે?'

મારાંથી મનમાં જ બોલાઈ ગયું, 'તારી ભલી થાય..'

ડોલી એક ઝાટકે ઉઠી અને નેકસ્ટ સ્ટોપ પર ઉતરવા આગળ ગઈ, પીન્ટુ એને જોઈ રહ્યો, ચહેરા પર પીડાનો એક લસરકો દેખાયો પણ તોયે કંઈ બોલ્યો નહીં.

મેં કહ્યું, 'એ ઉતરે એ પહેલા કહી દે કે મને તારાં વગર નહીં ચાલે..'

એ મને આંખો ફાડીને જોઈ રહ્યો, બસ થોભી, ડોલી ઉતરી જ રહી હતી કે પીન્ટુ દોડ્યો અને જોરથી બરાડ્યો, 'મને તારાં વિના નહીં ચાલે..' ઉતરી રહેલી ડોલી અટકી ગઈ અને અટકી ગયેલી બસ ચાલું થઈ.

અહમનું પડ વેરવિખેર થઈ ગયું હતું અને એમાંથી ચળકતો - ઝળકતો પ્રેમ પ્રકાશી રહ્યો હતો.

બન્ને એકબીજાને ભેટી પડ્યા, પીન્ટુ એ મને આંખ મીંચકારીને થમ્બ બતાવ્યો અને એક રોમિયો જુલિયેટને અલગ થતા બચાવ્યાનો સંતોષ લઈ હું મારાં સ્ટોપ પર ઉતરી..

સંબંધ કોઈ પણ હોય, જો પ્રેમ છે તો એકરાર કરો, જો લાગણી છે તો બતાવો, જતાવો.. નહીં તો કોઈ વગર સ્ટોપે ઉતરી જશે..

આત્મમંથન અનિવાર્ય

# આણંદપરની કામધેનુ ગૌશાળામાં અપંગ ગાયોને આશ્રય



## ડો.વલ્લભ કથીરિયાની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની ખાસ બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

શ્રી અખંડઆનંદ ભારતી બાપુ પ્રેરીત આણંદપર કામધેનુ ગૌશાળા ગુરૂકૃપા આશ્રમ, આણંદપર-નિકાવા હાઈવે ખાતે લુલી-લંગડી-અસહાય ગૌમાતાઓની સેવા થઈ રહી છે. ગૌશાળામાં ૬૦ ગૌમાતાનો નિભાવ થઈ રહયો છે. ગોબર અને ગૌમૂત્રમાંથી પંચગવ્ય ઉત્પાદનો બનાવવામાં આવી રહયાં છે. સાધ્વી રાધાનંદ ભારતીજી ગુરૂશ્રી અખંડઆનંદ ભારતી બાપૂ (મોજ આશ્રમ ઉપલેટા, રાષ્ટ્રીય ગોરક્ષા વાહિની, મહારાષ્ટ્ર અધ્યક્ષ) દ્વારા પંચગવ્ય ઉત્પાદન કરવાનું કાર્ય કરી રહયા છે. કામધેનુ ગૌશાળા, ગુરૂકૃપા આશ્રમ ખાતે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા, એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, જાહેર જીવનના અગ્રણી મુરલીભાઈ દવે, શ્રીજી ગૌશાળાના રમેશભાઈ ઠકકર,મનસુખભાઈ જેસડીયા (સરપંચ-આણંદપર), રાજેશભાઈ મારવીયા (સરપંચ-નિકાવા),કાંતિભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિમાં જીવદયા શ્રેષ્ઠીઓની મિટિંગ યોજાઇ હતી.

જેમાં ઘણા દાતાઓએ દાન વરસાવ્યું હતું. મનસુખભાઇ જોટડીયા- સરપંચ આણંદપર, રાજુભાઇ મારવિયા- સરપંચ આણંદપર, દેવદાનભાઈ ઝીરીયા-માજી તાલુકા પંચાયત પ્રમુખ કાલાવડ , જાડેજા બચુભા ચનુભા- માજી સરપંચ આણંદપર (રૂ. ૧૧,૦૦૦), ચંદુભાઈ હુંબલ-મુરલીધર ફાર્મ (૧ મેટાડોર નીરણ), અભેસંગભાઈ ડોડીયા- મેટોડા (૧ મેટાડોર નીરણ), દેવદાનભાઈ શિયાળ- રાજકોટ, આહીર કન્યા છાત્રાલય, ધ્રોલ (૧ મેટાડોર નીરણ), દોલુંભાઈ સાંકટિયા-ગાયત્રી ડેરી ફાર્મ, રાજકોટ (૧ મેટાડોર નીરણ), ધનાભાઈ શિયાળ-મુરલીધર વે બ્રિજ (૧ મેટાડોર નીરણ), જીણાભાઈ વશરામભાઈ મીર- રાજકોટ (૧ મેટાડોર નીરણ), તેજાભાઈ સાકરીયા-ગાયત્રી ડેરી ફાર્મ, જંકશન- રાજકોટ, પરેશભાઈ ચાવડા -બાલાજી ઓટો, વશરામભાઈ લૈયા-આહીર બિલ્ડર, રાજકોટ સહિતનાનો સમાવેશ થાય છે.

# સૌરાષ્ટ્રમાં કચ્છી માંડુંઓની બળદ-બજાર



## હાલની મંદી-મહામારીની સ્થિતિમાં બળદ ખરીદનાર મળવા મુશ્કેલ

(બ્રિજેશ વેગડા દ્વારા)
મોટાદડવા, તા.૮

કચ્છના માંડું બળદ સાથે હાડગાળવા સૌરાષ્ટ્ર તરફ ડગ માંડ્યા છે. જો કે હાલ મહામારી અને મંદીભરડો લઈ બેઠી છે. ત્યારે સૌરાષ્ટ્રના ખેડુતો પણ બળદોને રોડ પર રેઢા મુકી રખડતા કર્યા છે. ત્યારે કચ્છથી આવેલ માંડું માટે બળદ બજારમાં માઠીદશા વર્તાશે. હાલ બળદ રાખનાર વર્ગ પણ નહીંવત પ્રમાણમા જોવા મળી રહ્યો છે. બળદને સ્થાને ટેકટર કે અન્ય વાહનો આધુનિકરણ દ્વારા ખેતી કરી વાવેતર થઈ રહ્યું હોઈ. પરતું પહેલાના સમયમાં પ્રથમ બળદની જાત જોઈ બાંધો જોઈ લેવા માટે તડામારી થતી હાલ લેવા વાળો વર્ગ અને સાચવવા વાળો વર્ગ બંને માટે બળદ શબ્દ પર્યાય બનવા પામ્યા છે. કચ્છીની સૌરાષ્ટ્રમાં બળદ ફેરી સાર્થક જશે કે કેમ એ સમય બતાવશે.

# ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત 'એવા રે મળેલા મનના મેળ' કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત 'એવા રે મળેલા મનના મેળ' કાર્યક્રમ તા. ૧૩-૨-૨૦૨૨, રવિવાર સાંજે ૫.૦૦ કલાકે એચ. કે. હોલ, અમદાવાદ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સર્જકબેલડી એમની કલા પ્રસ્તુતિ સાહિત્ય, સંગીત અને નાટકના ત્રિવેણી સંગમમાં પ્રસ્તુત કરશે. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ અતિથિવિશેષ હશે. સાહિત્ય રસિકોને જાહેર નિમંત્રણ પાઠવાયું છે. પ્રેમપર્વની પૂર્વસંધ્યાએ યોજાતા આ કાર્યક્રમમાં જાણીતા કવિ રાજેન્દ્ર શુક્લ- નયના જાની, કૃષ્ણકાન્ત ઉનડકટ-જ્યોતિ ઉનડકટ, કમલ જોશી-દેવાંગી જોશી, અમીપ પ્રજાપતિ- આશિતા પ્રજાપતિ પ્રસ્તુતિ કરશે.

# હળવદમાં પ્રાથમિક શાળાઓમાં ફરી કિલકિલાટ

(શિવ મયુર દ્વારા)
હળવદ, તા.૮



હળવદમાં સોમવારથી ઓફલાઈન સ્કૂલો શરૂ કરવામાં આવી હતી અને બાળકો હોંશે હોંશે શાળા એ પહોંચ્યા હતા. અગાઉ કોરોના કેસો વધતા રાજ્ય સરકાર દ્વારા શાળાઓ બંધ કરી ઓનલાઇન શિક્ષણ આપવાની જાહેરાત કરી હતી. હવે કોરોના કેસો ઘટી જતાં રાબેતા મુજબ શાળાઓ ઓફલાઈન શરૂ કરાઇ છે. કોવિડ ગાઈડલાઈન અનુસાર એક બેન્ચ પર માત્ર બે વિદ્યાર્થીઓને બેસાડવામાં આવી રહ્યા છે. શાળાએ આવતા વિદ્યાર્થીઓને સેનેટાઇઝ કરવામાં આવી રહ્યા છે. શાળાઓ બાળકોના કિલ્લોલથી ગુંજી ઉઠી હતી.

# જસદણમાં પત્રકારો માટે રસીકરણ કેમ્પની માંગ

## મીડિયા કર્મીઓમાં કોરોના સંક્રમણની શકયતા હોવાથી પ્રિકોશન ડોજ આપવા માંગણી

(હુસામુદ્દીન કપાસી દ્વારા)
જસદણ, તા.૮



દેશમાં રસીકરણના માધ્યમથી કોરોના સંક્રમણને નાથવામાં આવી રહ્યું છે. ત્યારે જસદણના સામાજિક કાર્યકર અને પત્રકાર પટેલ હરિભાઈ વેલજીભાઈ હિરપરા (મો.૯૭૨૩૪૯૯૨૧૧) એ જસદણના પત્રકારો માટે કોરોના વેક્સિનેશન કેમ્પમાં પ્રિકોશન ડોઝ કેમ્પ યોજવા માંગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે મીડિયાકર્મીઓને વિવિધ કાર્યક્રમો ઉપરાંત સેવાના કાર્યોમાં પણ જવાનું હોવાથી સંક્રમિત થવાનો ભય હોય છે ત્યારે મીડિયાકર્મીઓને અને એમનાં પરિવારને કોરોના વેકિસન પ્રિકોશન ડોઝ કેમ્પ જસદણમાં યોજવામાં આવે એવી માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે હાલ દેશના આરોગ્ય તંત્ર દ્વારા ૬૦ વર્ષથી વધું વયના લોકો માટે પ્રિકોશન ડોઝ અપાઈ રહ્યો છે.

# દામનગરમાં ૧૨મીએ પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાનું સન્માન



## અગ્રણીઓ દ્વારા રૂબરૂ મળીને શુભેચ્છા પાઠવવા સાથે અપાયું આમંત્રણ

(નટવરલાલ ભાતિયા દ્વારા)
દામનગર, તા.૮

લાઠીના સર્વાંગી વિકાસ માટે, દરેક જીવાત્માના કલ્યાણ માટે, વેરાન વગડામાં વસંત પ્રસરાવી દેતું પર્યટક સ્થળ પંચગંગા તીર્થ નિર્માણ કરનાર જળક્રાંતિના સર્જક સવજીભાઈ ધોળકિયાના નિવાસસ્થાન હેતની વહેલી ખાતે દામનગર શહેરના અગ્રણીઓએ રાષ્ટ્રીય ગૌરવ પદ્મશ્રી મળવા બદલ સન્માન સમારોહમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

સહકારી અગ્રણી હરજીભાઈ નારોલા માર્કેટ યાર્ડના ચેરમેન ભગવાનભાઈ નારોલા, રજનીભાઇ ધોળકિયા, બટુકભાઈ શિયાણી, પત્રકાર નટુભાઈ ભાતિયાએ જળક્રાંતિના પ્રણેતા સવજીભાઈને રાષ્ટ્રિય શ્રેષ્ટ નાગરિક સન્માન બદલ શુભેચ્છા પાઠવી અને આગામી તા.૧૨ ને શનિવારના રોજ દામનગર શહેરની સામાજિક સ્વૈચ્છિક શૈક્ષણિક સંસ્થા એવમ સર્વ સમાજ દ્વારા ભવ્ય સન્માન સમારોહ યોજાનાર છે. જે સન્માન સમારોહમાં સવજીભાઈ પરિવારને પધારવા નિમંત્રણ પાઠવ્યું હતું. હેતની વહેલી ખાતે લાઠી તાલુકાના મતીરાળા, કેરાળા અકાળા, સહિતના ગ્રામ્ય વિસ્તારોના અગ્રણીઓ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદોરો પણ સવજીભાઈ ધોળકિયાને શુભેચ્છા પાઠવવા પધાર્યા હતા.

Dt.08-02-2022 8 મંગળવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# વિજય રૂપાણી મૌનનો પડદો હટાવી મેદાનમાં આવશે ખરા? આ પ્રશ્ન શહેરના ખુણે ખુણે ચર્ચાઇ રહયો છે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટનાં પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ સામે ખુદ શાસક પક્ષ ભાજપનાં એક ધારાસભ્ય દ્વારા હપ્તાખોરી અને તોડબાજીના ગંભીર ગણાય એવા આક્ષેપો બાદ માત્ર રાજકોટ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનાં રાજકીય વાતાવરણ અસાધારણ રીતે ગરમાવો આવી ગયો છે અને ચારેય તરફ ચર્ચા અને તર્કવિર્તકની આંધી ઉઠવા પામી છે. એવા સમયે આ અધિકારી જેમના ફરમાનથી અહીં આવ્યા હતા. એવા રાજકોટના ધારાસભ્ય અને પૂર્વ મુખ્યમંત્રી સમગ્ર પ્રકરણનાં ત્રણ દિવસ પછી પણ હજુ સુધી કશુ બોલ્યા નથી. એ હકીકત પણ લોકજીવનમાં ચર્ચાના ચકડોળે ચડી જવા પામી છે. આજે આ પ્રકરણ સાથે સંકળાયેલા હોય કે ન હોય પણ તમામ વર્ગના ટોચના લોકો કમિશનર કાંડમાં પોતપોતાની રીતે અભિપ્રાય, મંતવ્ય અને સુચનો વ્યકત કરી રહયા છે. રાજકીય પક્ષો પણ પોતપોતાની રીતે પોતાની સ્ટાઇલથી પ્રતિક્રિયાઓ આપી રહયા છે. ત્યારે અટલા બધા બોબાળા, દેકારા વચ્ચે પણ જે વ્યકિતએ સૌથી પહેલા બોલવું જોઇએ એ વ્યકિત જ સદનતર ચુપ છે અને મૌન ધારણ કરીને બેસી ગઇ છે.! નવી નવી ચર્ચાના ફણગા ફુટી રહયા છે. સહુના હોઠ પર એક જ સવાલ રમી રહયો છે કે, રાજકોટના ગુજરાતભરમાં ચગી રહેલા આ પ્રકરણમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી કેમ મૌન છે? એમનું મૌન હકીકતે રહસ્યના આટાપાટા સર્જી રહયું છે. તેઓ કશું બોલવાને બદલે શું કામ મૌન ધારણ કરીને બેસી ગયા છે એ નિષ્ણાંતોને સમજાતું નથી અને આમ લોકોમાં ચર્ચાઇ રહયું છે.

વિજય રૂપાણી ૬૯-વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી વખતે તેઓ ખુબ જ વિક્રમી સરસાઇ મેળવીને કોંગ્રેસના એક લડાયક નેતાને પરાજીત કરી ચૂંટાઇ આવ્યા હતા અને મુખ્યમંત્રી પદના હોદ્દા પર બિરાજમાન થયા હતા. આટલા જવાબદાર નેતા હોવાના નાતે આ પ્રકરણમાં આગળ આવવાને બદલે અને પોતાની સરકાર અને કાયદો વ્યવસ્થા તંત્રને માર્ગદર્શન મળે એવા સુચનો કરવાને બદલે વિજય રૂપાણીએ મૌન રહેવાનો માર્ગ અખત્યાર કર્યો છે. તેના કારણે અનેક પ્રકારના તર્કવિતર્ક થઇ રહયા છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, રાજકોટના જે પોલીસ કમિશનર હાલ વિવાદોના વાવંટોળમાં ફસાઇ ગયા છે. એમનું રાજકોટમાં લાંબા સમયનું રોકાણ તેઓ માત્ર પૂર્વ મુખ્યમંત્રીના કૃપા પાત્ર હોવાને કારણે જ શકય બન્યું હોવાની જ ચારે તરફ ચર્ચા છે. ત્યારે કમિશનર કક્ષાની એ વ્યકિત સામે ગંભીર પ્રકારના આક્ષેપો થાય એવા સમયે પોતાનો પક્ષ પણ સ્પષ્ટ કરવાની લોકોના પ્રતિનિધિ તરીકે રૂપાણીની પણ જવાબદારી બને છે. તેઓ રાજકોટના પ્રતિષ્ઠીત મત વિસ્તારના પ્રતિનિધિ હોવા ઉપરાંત મુખ્યમંત્રી પદનો હોદ્દો શોભાવી ચુકયા છે ત્યારે એમનું મૌન લાગતા વળગતા સહુ માટે અકળાવનારૂ બની રહયું છે. શું તેઓ મૌનનો પડદો હટાવી મેદાનમાં આવશે ખરા? આ પ્રશ્ન શહેરના ખુણે ખુણે ચર્ચાઇ રહયો છે. (૨.૧૧)

**વિજય રૂપાણી કશું બોલવાને બદલે શું કામ મૌન ધારણ કરીને બેસી ગયા છે? એ નિષ્ણાંતોને સમજાતું નથી અને આમ લોકોમાં ચર્ચાઇ રહયું છે**

# સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં વહેલી સવારે ઝાકળવર્ષા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે ફરી હવામાન પલ્ટો સર્જાયો હતો અને વહેલી સવારના ભાગે ઠેર-ઠેર ઝાંકળવર્ષા થવા પામી હતી. જો કે, મોટાભાગના સ્થળોએ ડબલ ડિજિટ તાપમાન સાથે ઠંડી સામાન્ય રહેવા પામી હતી. રાજકોટ શહેરમાં પણ આજે વહેલી સવારે ઝાંકળવર્ષા સાથે લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિગ્રી નોંધાવા પામ્યું હતું.



દરમિયાન આજરોજ સવારે અમદાવાદ ખાતે ૧૩ ડિગ્રી, અમરેલીમાં ૧૪.૩ ડિગ્રી, વડોદરામાં ૧૩.૮ ડિગ્રી, ભાવનગરમાં ૧૭ ડિગ્રી, ભુજમાં ૧૬.૮ ડિગ્રી તેમજ દમણમાં ૧૭.૪, ડિસામાં ૧૪.૫, દીવમાં ૧૪.૫, દ્વારકામાં ૧૯, ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આ ઉપરાંત આજરોજ સવારે કંડલા ખાતે ૧૪.૨ ડિગ્રી, નલિયામાં ૧૩.૪ ડિગ્રી, ઓખામાં ૨૦.૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૫.૭ ડિગ્રી, સુરતમાં ૧૭ અને વેરાવળ ખાતે ૧૬.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આજે વહેલી સવારે ઝાંકળવર્ષા સાથે સામાન્ય ઠંડી રહેવા પામી હતી.

ગિરનાર પર્વત ઉપર ૧૧ ડિગ્રીએ પારો નીચે ઉતરતા યાત્રિકોને ભારે ઠંડીમાં બર્ફિલા પવનનો સામનો કરવો પડી રહ્યો છે. ગિરનાર પર્વત ઉપર ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. જ્યારે જિલ્લામાં પ્રતિકલાક ૪.૩ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા જનજીવન ઉપર અસર જોવા મળી રહી છે

# કોરોનાના બપોર સુધીમાં ૪૪ કેસ નોંધાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

શહેરમાં આજે બપોર સુધીમાં ૪૪ કેસ નોંધાયા છે. આ સાથે રિકવરી રેઈટ ૯૬.૬૪% પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૬૩૧૪૪ સંક્રમિતો નોંધાઈ ચુક્યા છે, જેમાંથી ૧૫૭૮ દર્દીઓ સારવાર હેઠળ છે. રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૦,૨૪૧ સંક્રમિતો નોંધાયા હાલ ૭૯૬ એકટીવ કેસ છે.

રવિવારે ફક્ત ૯૯ કેસ બાદ સોમવારે પણ ૧૦૮ કેસ આવ્યા છે જેની સામે એક જ દિવસમાં ૬૦૪ ડિસ્ચાર્જ થયા છે. આ કારણે એક્ટિવ કેસની સંખ્યા માત્ર ૧૫૭૮ રહી છે અને બે દિવસમાં તે પણ ઘટીને ૫૦૦ની આસપાસ આવી જાય તેવી પૂરી શક્યતા છે.

# રાજકોટ પહેલા મોરબી જિલ્લા પોલીસમાં મોટાપાયે ફેરબદલ

## ૪ પીઆઇ, ૫ પીએસઆઇ અને ૨૪ પોલીસ કર્મચારીઓની એકાએક આંતરિક બદલીથી અનેક તર્કવિતર્ક



તમામ પોલીસ જવાનોને જૂની જગ્યાએથી તાત્કાલિક છુટા થવાનો આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૮

રાજકોટમાં પોલીસની છબી ખરડાઈ ગઈ છે ત્યારે પોલીસ કમિશનર સહિતના અનેક કર્મચારીઓની સામુહિક બદલી થવાની શક્યતા વચ્ચે આજે એકાએક મોરબી જિલ્લા પોલીસવડાએ ગત રાતે પોલીસ સ્ટાફમાં ધરખમ ફેરફારો કર્યા છે. જેમાં ૪ પીઆઇ, ૫ પીએસઆઇ અને ૨૪ પોલીસ કર્મચારીની બદલીના આદેશો છોડ્યા છે. આ તમામને જૂની જગ્યાએથી તાત્કાલિક છુટા થવાનો હુકમ પણ આપ્યો છે.

મોરબી જિલ્લા પોલીસ વડાએ ૪ પીઆઇની બદલીના આદેશ કર્યા છે. જેમાં એલસીબી પીઆઇ વી.બી. જાડેજાની ટ્રાફિક શાખા, મોરબી તાલુકાના એમ.આર.ગોઢાણીયાની એલસીબી, મોરબી સિટી બી ડિવિઝનના વી.એલ. પટેલની મોરબી તાલુકા અને લિવ રિઝર્વમાં રહેલા પી.એ.દેકાવડિયાની મોરબી સિટી બી ડિવિઝનમાં બદલી કરવામાં આવી છે.

આ સાથે ૫ પીએસઆઈની બદલી થઈ છે. જેમાં માળિયાના એન.એચ. ચુડાસમાંની એલસીબી શાખા, વાંકાનેર સિટીના બી.ડી. જાડેજાની માળિયા, માળિયાના વી.બી. રાયમાની મોરબી સિટી બી ડિવિઝન, મદદનીશ પોલીસ અધિક્ષક કચેરીના એન.એ.શુકલાની વાંકાનેર સીટી, મોરબી સિટી બી ડિવિઝનના એમ.પી. સોનારાની મોરબી સિટી એ ડિવિઝનમાં બદલી કરવામાં આવી છે.

બીજી તરફ ૨૪ પોલીસ કર્મચારીઓની પણ બદલી થઈ છે. જેમાં મોરબી સિટી એ ડિવિઝનમાં ફરજ બજાવતા બળદેવસિંહ જાડેજાની વાંકાનેર સિટી, રણજિતસિંહ રાઠોડને હળવદ, મહેન્દ્રકુમાર ગઢવીની ટ્રાફિક શાખા, આરઝુબેન ઓડેદરાની હેડ ક્વાર્ટર, નારણભાઈ લાવડીયાને વાંકાનેર સિટી, મોરબી સિટી બી ડિવિઝનમાં ફરજ બજાવતા ચમનભાઈ ચાવડાની વાંકાનેર તાલુકા, દેવશીભાઈ મોરીની મોરબી તાલુકા, મોરબી તાલુકામાં ફરજ બજાવતા પ્રદીપસિંહ ઝાલાની વાંકાનેર સિટી, નગીનદાસ નિમાવતની વાંકાનેર સિટી, વાંકાનેર સિટીમાં ફરજ બજાવતા વિપુલકુમાર ફૂલતરિયાની મોરબી સિટી એ ડિવિઝનમાં, વિજયદાન ગઢવીની મોરબી સિટી એ ડિવિઝનમાં, ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા ધવલ ભાગીયાની ટંકારા, દેવાયતકુમાર રાઠોડની મોરબી સિટી બી ડિવિઝન, પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા રઘુવીરસિંહ મોરીની વાંકાનેર સિટી, બ્રિજરાજસિંહ

(અનુ.પાના નં.૪ ઉપર)

# મિલ્કતો લખાવી લેવાના પ્રકરણમાંથી મને હટાવવા પ્રયાસ થઇ રહ્યો છેઃ એડવોકેટ સુરેશ ફળદુ



(તસવીરઃ નિરવ રાજયગુરૂ)

એડવોકેટ સુરેશ ફળદુ, કંચનબેન અને વિનેશ માવાણીએ પત્રકાર પરિષદ યોજીને માહિતી આપતા તસ્વીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૮

રાજકોટના ૩૨ કરોડની મિલ્કતો જબરજસ્તીથી લખાવી લેવાના તાલુકા પોલીસના પી. આઇ. સહિતના ઉચ્ચ અધિકારીઓને સંડોવતા પ્રકરણે ગઇકાલે જયદિપ વસોયા અને સંજય ધવા દ્વારા કરવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સના સંદર્ભે જે માહિતી મીડીયાને આપેલ તેની સામે આજે એડવોકેટ સુરેશભાઇ ફળદુની ઓફીસમાં પાંભર પરિવાર તરફે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું અને આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ગઇકાલના જયદિપ વસોયા તથા સંજય ધવા મારફત જે પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવેલ તેની હકિકતો લક્ષમાં લેવામાં આવે તો માત્ર પોલીસ ડીપાર્ટમેન્ટ વિરૂધ્ધ ચાલતા અભિયાનથી જનતાનુંધ્યાન વિમુખ કરવા અને ઘનશ્યામ પાંભરને કાનુની રીતે મદદરૂપ થનારને મેટરમાંથી હટાવવા માટે જ પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે, આ મેટરમાં સૌથી વધુ ટાર્ગેટ ઘનશ્યામ પાંભર પહણવારના એડવોકેટ સુરેશ ફળદુને કરવામાં આવેલ હોવા પાછળનો દોરી સંચાર પ્રેસ કોન્ફરન્સ કરનાર પાછળ અન્ય કોઇ હતું જેઓની સુચના મુજબ કોઇપણ માધ્યમથી એડવોકેટ સુરેશ ફળદુને ઘનશ્યામ પાંભરની મેટરમાંથી હટાવવા પાયાવીહોણા આક્ષેપો કરવામાં આવેલ હોય જે સબંધે બંને સામે બદનક્ષી સબંધેની કાર્યવાહી કરવાનું પણ એડવોકેટ સુરેશ ફળદુ તથા વિનેશ માવાણીએ જણાવેલ છે. જયદિપ વસોયા તથા સંજય ધવા દ્વારા ઇલેકટ્રોનીક મીડીયા તથા સોશ્યલ મીડિયામાં તથા પ્રિન્ટ મીડીયામાં જે જે એલીગેશનો કરેલ છે તે રેકર્ડથી વિરૂધ્ધના જનતાને ગેરમાર્ગે દોરનારા હોય કારણે ઘનશ્યામ પાંભરની ફરીયાદમાં કાર્યવાહી કરવા ગુજરાત રાજયના ડીજીપી દ્વારા રાજકોટ પોલીસ કમીશનરને પત્ર પાઠવેલ છે તેમજ એ. સી. બી. કચેરી દ્વારા સબંધીતોને નોટીસ પાઠવેલ છે તેમજ ગુજરાત હાઇકોર્ટ દ્વારા પણ સબંધીતો સામે નોટીસ ઇસ્યુ કરેલ છે જે તમામે પુરાવાની હકિકતો લક્ષે લઇ કાર્યવાહી કરેલ હોય ત્યારે પોલીસને મેટર સાથે કોઇ નિસ્બત ન હોવાનું કે પોલીસે કોઇ જ ડોકયુમેન્ટસ કરાવેલ ન હોવાનું પુરાવાથી વિરૂધ્ધ જણાવવામાં આવેલ છે. સંજયભાઇ ધવા પૂર્વ કોર્પોરેટર છે પાવરફુલ પોલીટીશન છે છતાં સામાન્ય બુધ્ધિતા ધારણ કરનાર વ્યકિતને પણ ગળે ઉતરી ન શકે તેવી સ્ટોરી ઉભી કરવામાં આવેલ છે.

આ બંને એ હકિકતો ભુલી જાય છે કે ખોટુ બોલવુ હોય તો એવુ ખોટુ બોલવુ જોઇએ કે તે સાચુ લાગે અથવા સાચાની નજીક લાગે, ખોટુ ખોટુ ન લાગવુ જોઇએ રેકર્ડ ઉપર તો સ્પષ્ટ આક્ષેપો સિવાય કોઇ જ હકિકતો નથી અને સંજય ધવા વિરૂધ્ધ તથા તેના ભાગીદાર વિરૂધ્ધ અમો કેસ લડેલ હોય જેથી પુર્વગ્રહીત બદલાની ભાવનાથી અમો વિરૂધ્ધ ખોટા એલીગેશનો કરેલ છે અને જયદિપ વસોયા, મનસુખ વસોયાએ પોલીસવાળાઓ સાથે ભળી બદલવાની ભાવનાથી જી. પી. આઇ. ડી. ની ખોટી ફરીયાદ નોંધાવેલ હોય જો સંજય ધવા અને જયદિપ વસોયા દ્વારા કરવામાં આવેલ આક્ષેપો સાચા હોય તો જીપીઆઇડીની ફરીયાદના કામે સાહેદો બની ભોગ બનનાર તરીકે શા માટે નિવેદનો આપતા નથી અને પ્રેસ કોન્ફરન્સમાં ધમકી તથા રીવોલ્વર સબંધે જણાવેલ હકિકતો શા માટે નિવેદનોમાં કે અલગની ફરીયાદ કરી કાર્યવાહી કરતા નથી. સુરેશ ફળદુએ જણાવેલ કે, અમારા અસીલો પાસે ભીખાભાઇ વસોયા સાથે થયેલ વાતચીત સબંધે તથા પોલીસ અધિકારી સાથે થયેલ વાતચીત સબંધે પણ ઓડીયો કલીપ હોય જે જરૂરત સમયે અદાલત સમક્ષ રજૂ કરવાનો હોય તેના પરથી જયદિપ વસોયાએ પ્રેસ કોન્ફરન્સમાં પોલીસ સાથે કોઇ નિસ્બત ન હોવાનું જણાવેલનું ખોટુ ઠરી શકે તેમ છે. સંજય ધવા તથા જયદિપ વસોયા દ્વારા અમો પર કરવામાં આવેલ આક્ષેપો હોય તો જયદિપ વસોયા દરરોજ અમોને મોર્નીંગ એસ. એમ. એસ. મોકલે છે તેવુ બનવા પામે નહી. અમો અમારા કલાઇન્ટને ન્યાય અપાવવા ઝઝૂમીશુ આ લોકોના આક્ષેપોથી તાબે થવાના નથી અને પોલીસ સાથે મળી અમો વિરૂધ્ધ ખોટો ગુન્હો દાખલ કરે તો પણ ન્યાયની લડત ચાલુ રાખવાની છીએ અને મારા અસીલે મારા ભરોષે વકીલાતનામામાં જયારે સહી કરેલ હોય ત્યારે મારા અસીલને ન્યાય અપાવવામાં અધવચ્ચેથી છોડી શકુ નહીં. ખરી હકિકતે મારા કલાઇન્ટ ભોગ બનનાર હોય પરંતુ જયદિપ વસોયા, મનસુખ વસોયા અને સંજય ધવાએ રાજકીય વગના જોરે મારા અસીલ પરીવારને ભોગ બનાવી દીધેલ છે વિગેરે હકિકતો પ્રેસ કોન્ફરન્સમાં જણાવવામાં આવેલ હતી આ કોન્ફરન્સમાં કંચન પાંભર પણ ઉપસ્થિત રહયા હતા. જેમણે આત્મ વિલોપન કરવા દેવાની પરવાનગી માંગી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
–ઃશ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
5 x 2: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રાજકોટ પોલીસનો ભ્રષ્ટ્રાચાર ખુલ્લો પાડવા ગુરૂવારે કોંગ્રેસનો લોકદરબાર

## ગુરૂવારે બપોરના ૧ થી ૫ સુધી રાજગુરૂ વાડી, નિલ સિટી કલબ, કાલાવાડ રોડ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ગેઈટ પાસે, લોક–દરબારનું આયોજનઃ ઈન્દ્રનીલ રાજયગુરૂ, વશરામ સાગઠીયા,અતુલ રાજાણી, મિતુલ દોંગા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૮

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ, રાજકોટ કોર્પોરેશનના વિરોધપક્ષના પૂર્વ નેતા વશરામભાઈ સાગઠીયા, કોર્પોરેશનના પૂર્વ વિપક્ષી નેતા અતુલ રાજાણી, કોંગી આગેવાન મિતુલ દોંગાએ રાજકોટની જનતાને રાજકોટ પોલીસનો ભ્રષ્ટ્રાચાર ખુલ્લો પાડવા લોક દરબારમાં આવવા અપીલ કરી છે અને આક્ષેપ કરતા જણાવ્યું છે કે, સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ચિંથરા ઉડયા છે. રાજકોટ પોલીસ કોરોનાની કપરી હાલતમાં લોકો પાસેથી પૈસા પડાવવા અને એફઆરઆઈ કરવા સતાનો દુરઉપયોગ જ કર્યો છે. રાજકોટ પોલીસ કમિશ્નર ખૂદ હપ્તા વસુલતા હોવાની ફરિયાદો મળી છે તે જ ભાજપ સરકારની અગાઉની અને અત્યારની સરકારના ભ્રષ્ટ્રાચારને ખુલ્લો પાડે છે. પોલીસની દાદાગીરી અને સતાના ગેરઉપયોગનો ભોગ બનેલ લોકોને વાચા આપવા કોંગ્રેસે આગામી તા.૧૦ને ગુરૂવારે બપોરના ૧ થી ૫ સુધી રાજગુરૂ વાડી, નિલ સિટી કલબ, કાલાવાડ રોડ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ગેઈટ પાસે, લોક-દરબારનું આયોજન કર્યુ છે. પોલીસનો ભોગ બનેલા લોકોને આ લોક-દરબારમાં આવી વ્યથા ઠાલવવા અપીલ કરવામાં આવી છે.

રાજકોટમાં રક્ષક જ ભક્ષક બન્યા છે. રાજકોટના પોલીસ કમિશ્નર સામે વિજીલન્સની તપાસ કરવામાં આવે અને નિવૃત ન્યાયધિશ દ્વારા તેમની સંપતિ અને આવકની તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસના આગેવાનોએ માંગણી કરી છે.

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજગુરૂ, રાજકોટ કોર્પોરેશનના વિરોધપક્ષના પૂર્વ નેતા વશરામભાઈ સાગઠીયા, કોર્પોરેશનના પૂર્વ વિપક્ષી નેતા અતુલ રાજાણી, કોંગી આગેવાન મિતુલ દોંગાએ રાજકોટની જનતાને રાજકોટ પોલીસનો ભ્રષ્ટ્રાચાર ખુલ્લો પાડવા લોક દરબારમાં આવવા અપીલ કરી છે જે લોકો માહિતી ગુપ્ત રાખવા માંગતા હોય તો તે

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.